Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૨૧ • તા. ૧૯ થી ૨૫ મે ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No.MH/MR/East/53/2012-14



## વ્યક્તિ વિશેષ : ગીત-સંગીત અને પુસ્તકોના અનોખા સંગ્રહકર્તા શ્રી ગિરીશ બીપીનચંદ્ર નાગડા (નલિયા-મસ્જીદબંદર)



શ્રી ગિરીશભાઈ (અનંત નિવાસ) ગીત-સંગીત ક્ષેત્રનાં શોખીન અને અભ્યાસુ સંગ્રાહક છે. એક સારો શોખ સામાન્ય માનવીને પણ અસામાન્ય બનાવી દે છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે ગીત-સંગીતના અનોખા સંગ્રહકર્તા **શ્રી ગિરીશભાઈ નાગડા.**

નાનપણથી સંગીતનો શોખ તેમની પાસે હિન્દી ફીલ્મની શરૂઆત ૧૯૩૦થી આજ સુધીના ગીતોનો સંગ્રહ છે. ખાસ કરીને old Hits, Golden Era & Indian Films જાણીતા ગાયકો : સાયગલ, પંકજ, જગમોહન, કે.સી.ડે. ખુરશીદ શમશાદ, સૂરૈયા, અમીરબાઈ કાનન, ગીતા, હેમંત, મન્નાડે, કિશોર, રફી, લતા, આશા, મુકેશ, મહેન્દ્ર, નૂરજહાં વગેરેના મળી એક લાખથી વધુ હિન્દી, મરાઠી, ગુજરાતી, English ભાષાના ગીતોનો સંગ્રહ છે.

Classicalમાં હજાર કલાકથી વધારે વોકલ તથા ઇન્સ્ટ્રુમેન્ટલ વાદકો અલ્લારખા જાકીરહુસેન અમજદઅલી ખાન, બડે ગુલામઅલી, બેગમ અખ્તર, ભીમસેન જોશી, બીસમીલ્લા ખાન, રવિશંકર, ડી.વી. પલુસકર, વસંતરાવ દેશપાંડે, ગંગુબાઈ હંગલ, શોભા ગુર્તુ, હીરાબાઈ બરોડેકર, કંકના બેનરજી, અબ્દુલ કરીમખાન, કિશોરી અમોનકર, કુમાર ગાંધર્વ, લક્ષ્મીશંકર, મલીકા પુખરાજ, પદ્મા તલવલકર, પંડીત જસરાજ, ઓમકારનાથ ઠાકુર, શીવકુમાર શર્મા, પરવીન સુલતાના, પ્રભા અત્રે, રશીદખાન, લલીતારાવ કલ્યાણજી આણંદજી, બાબલા, ખય્યામ, રૂપકુમાર રાઠોડ વગેરે તેમના અણમોલ સંગ્રહમાં છે.

ઠુમરી, ભજન. ગઝલ સુગમસંગીત, ડાયરા, લોકગીત, જૈન સ્તવન, હીન્દી, મરાઠી, ગુજરાતી, English ફીલ્મોના ગીત, નાટક તથા પ્રોગ્રામ, જાણીતી વ્યક્તીઓના પ્રવચનો, હાસ્ય કવિ સંમ્મેલનો વગેરે પણ તેમના સંગ્રહમાં છે. લગભગ ૪૦ વર્ષથી આ સંગ્રહકરણનું કામ ચાલુ કર્યુ છે. જેમાં ગીતો ઉપરાંત સ્ટેમ્પ્સ, First day cover દેશી-વિદેશી ચલણી સિક્કા, બોનસ પત્તાના જોકર, વગેરે તેમજ આ ઉપરાંત ઘણું બધું તેમના સંગ્રહમાં છે. તેમણે ફીલ્મ લાઈનના ઘણાં મહારથીઓને ગીતોની જરૂરીયાત પૂરી પાડી છે. હાલમાં પણ સ્ટેજ ઉપર થતાં ફીલ્મ સંગીત પ્રોગ્રામ પહેલા ઘણાં આયોજકો પોતાની જરૂરીયાત મુજબના ગીતો તેમની પાસેથી મેળવી જાય છે.

ગીરીશભાઈ આજે પણ જ્યાં સિનિયર સિટીજનો મળે છે ત્યાં પોતાના તૈયાર કરેલા પ્રોગ્રામ સંભળાવે છે. જે સંગીત રસીક છે તેમને એકવાર જરૂર મળવું જોઈએ. ઘરમાં પણ સારી મ્યુઝિક સીસ્ટમ છે જ્યાં મહેમાનોને આમંત્રી મહિનામાં એકાદ બે પ્રોગ્રામ ગોઠવે છે. કોઈ ગ્રુપ આવા પ્રોગ્રામ કરવા માગતા હોય તેમને જરૂર માર્ગદર્શન સહાયતા કરે છે. તેમની પાસે 78 RPM, L.P., E.P. SP રેકર્ડનો વિપુલ સંગહ સારી રીતે સાચવેલો છે. સેંકડો કેસોટોમાં ટીવી પર આવતા સારા પ્રોગ્રામ સાચવેલા છે. હજારો એવા ગીતો સાચવેલા છે. જે સાંભળતાં રેડિયો સિલોનની યાદ આવી જાય. આ બધું કરવામાં તેમના પત્ની **સ્વ. પૂર્ણિમાબેન**નો બહુજ સાથ અને સહકાર રહ્યો છે. નહીં તો આવું કરવું લગભગ અશક્ય હતું.

પુસ્તકોનો પણ વિશાળ સંગ્રહ છે જેમાં ગુજરાતી અને અંગ્રેજીના જાણીતા લેખકોના પુસ્તકોની નાની લાઈબ્રેરી જેમાં કનૈયાલાલ મુન્શી, રવિન્દ્રનાથ ટાગોર, ચંદ્રકાંત બક્ષી કાંતિ ભટ્ટ, વિઠ્ઠલ પંડ્યા, ઈશા કુંદનિકા, મધુરાય, સ્વામી સચ્ચિદાનંદ, ઝવેરચંદ મેઘાણી, સુરેશ દલાલ, ગુણવંત શાહ વગેરે નામાંકીત લેખકોના પુસ્તકોનો સમાવેશ છે.

આવા ગીત સંગીતના વિશેષ કલાશોખને પોષતા શ્રી ગિરીશભાઈ પોતાના શોખની અનુમોદનીય પ્રવૃતિ બદલ હાર્દિક અભિનંદનના અધિકારી છે. ગીત-સંગીત પ્રેમીઓને તેમના સંગ્રહ અને શોખનો યથાયોગ્ય ઉપયોગ અને માર્ગદર્શન લાભ તેમની પાસેથી મળી શકે છે. તેમનો સંપર્ક ફોન : 09320023845 / E-mail : girishshah2345@gmail.com

# હૈદરાબાદ અને સાંગલીમાં યોજાયેલ "વતન વિકાસ ગાથા" કાર્યક્રમની ઝલક





















| આદ્યતંત્રીઓ |
|---|
| **"પ્રકાશ"** |
| ડો. વેલજી પાશ્વીર ગોસર |
| **"સમીક્ષા"** |
| સનત્ શાહ અને |
| ગોવિંદજી જીવરાજ લોડાયા |
| **"પ્રકાશ સમીક્ષા"** |
| સનત્ શાહ |

**: તંત્રી :**
આર.આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અનંતછાયા બાંધવાનો મૂળ હેતુ અને તેના વેચાણનો હેતુ : એક તુલનાત્મક અભ્યાસ

### *(અનંતનાથ ટ્રસ્ટના નામાંકિત ભુતપૂર્વ ટ્રસ્ટીનો અભ્યાસુ અભિપ્રાય)*

શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટડીડ કે સ્કીમમાં દાખવેલા હેતુઓ અને ઉદ્દેશો ખૂબજ અગત્યના છે. ટ્રસ્ટની સમસ્ત કાર્યવાહી તે ઉદ્દેશો કે હેતુઓને અનુરૂપ થવી જોઈએ, ટ્રસ્ટીને એ ઉદ્દેશો ગમે કે નહીં ગમે. એ ઉદ્દેશો મૂર્ખાઈ ભરેલા કે ભૂલ ભરેલા હોય તો પણ એને વફાદાર રહીને જ ટ્રસ્ટની કાર્યવાહી થવી જોઈએ. સંજાગોવશાત જો એ ઉદ્દેશ કે હેતુ નિષ્ફળ જાય કે પરિપૂર્ણ થઈ જાય કે તેને પાર પાડવું અશક્ય થઇ જાય તો, બોમ્બે પબ્લીક ટ્રસ્ટની કલમ ૫૫ અનુસાર **કોર્ટની** (ચેરીટી કમીશનરની નહીં) **પરવાનગી** લઈને જ ટ્રસ્ટના ફંડ કે મિલ્કતનો અન્ય ઉપયોગ થઈ શકે. કોર્ટ પણ પરવાનગી તે અન્ય ઉદ્દેશ કે હેતુ માટે આપશે કે જે મૂળ હેતુ કે ઉદ્દેશને મળતું હોય. ઉદ્દેશમાં ફેરફાર કરવાના સત્તા ચેરીટી કમીશનરને પણ નથી. ઉદ્દેશની આ ફેરબદલીની ક્રિયાને "Cy-pres" કહેવામાં આવે છે. (કલમ ૫૫). પ્રશ્ન એ ઊભો થાય છે શ્રી અનંતનાથજી ટ્રસ્ટની સ્કીમની કલમ ૧૯(ઓ) હેઠળ ઉદ્દેશ જે ઉપર જણાવેલ છે. (સસ્તા ભાડાની જગ્યાઓ જ્ઞાતિજનોને પૂરી પાડવી) તે શું નિષ્ફળ ગયો છે કે પરિપૂર્ણ થઈ ગયો છે? જો અત્યારનો કોઈ ભાડૂત જગ્યા ખાલી કરે તો તે જગ્યા લેવા માટે અન્ય જ્ઞાતિજનો તૈયાર બેઠાજ છે. તો જ્ઞાતિજનોને સસ્તા દરે ભાડે આપવા માટે બાંધેલા મકાનો વેચવાનો મા. ટ્રસ્ટ સાહેબોનો નિર્ણય શું કાયદેસરનો છે? કલમ ૧૯(ઓ) હેઠળ બાંધેલ મકાન, તે કલમનો હેતુ નિષ્ફળ ન જતાં કે પરિપૂર્ણ ન થઈ જતા, સદર મકાન શું વેચી શકાય? પ્રાઈવેટ મકાન માલીકની વાત અલગ છે. આ તો ટ્રસ્ટનું મકાન છે, અને તે ખાસ ઉદ્દેશ કે હેતુસર બાંધવામાં આવેલ છે.

અહીં બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૬એનું અવલોકન પણ જરૂરી છે. સદર કલમ જણાવે છે કે, દરેક જાહેર ટ્રસ્ટનો ટ્રસ્ટી ટ્રસ્ટના ફંડો અને મિલ્કતનો ઉપયોગ ટ્રસ્ટના હેતુઓ અને ઉદ્દેશો માટે જ કરશે. એમાં ફેરફાર કરવાનો કોઈ પણ ટ્રસ્ટીને હક્ક નથી.

બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૬ પ્રમાણે ટ્રસ્ટની કોઈ પણ સ્થાવર મિલ્કત (જમીન કે મકાન) નું વેચાણ, બદલો કે બક્ષીસ ચેરીટી કમીશનરની પૂર્વ સંમતી શીવાય થઈ શકશે નહીં. અહીં શબ્દ **"પૂર્વ સંમતી"** ખૂબજ અગત્યના છે. આપણાં ટ્રસ્ટના કેસમાં મા. ટ્રસ્ટી મહાશયોએ "અનંતછાયા"ના વેચાણનો M.O.U. ચેરીટી કમીશનરની પૂર્વ સંમતિ વગર જ કરી દીધેલ છે. અને તે પેટે ડેવલપર પાસે થી રૂા.૪૦ કરોડ પણ લઈ લીધા છે અને ડેવલપરની તરફેણમાં ભાડૂતો પાસેથી સંમતીપત્રક પર સહીઓ પણ લઈ લીધેલ છે. ડેવલપરે ભાડૂતોને નવી જગ્યા મળે તે સમય દરમ્યાન ભાડું ભરવા માટે થોડી રકમના ચેકો પણ આપી દીધેલ છે. આ થયેલ સર્વે વ્યવહાર કાયદેસરનું વેચાણ થયા પહેલાં થયું હોવાથી તેની કાયદેસરતા કેટલી? ભાડૂતોને વચનમાં બાંધવા માટે તેમને ચેકો આપવામાં આવેલ છે.

નીત્યાનંદ વી. વાસુદેવના કેસમાં ઓરીસા હાઈકોર્ટ ઠરાવેલ કે ચેરીટી કમીશનરની પૂર્વ સંમતી વગર ટ્રસ્ટ પ્રોપર્ટીનું કરેલ વેંચાણ રદ બાતલ છે.

વેચાણ માટે ચેરીટી કમીશનરને સંમતી માટે અરજી કરવામાં આવે ત્યારે ચેરીટી કમીશનરની એ જોવાની ફરજ બની જાય છે કે, સૂચીત વેચાણની યોગ્યતા અને જરૂરીઆત કેટલી? જે હેતુ સબબની મીલ્કત હોય એ હેતુ નિષ્ફળ જાય કે પરીપૂર્ણ થઈ જાય તોજ ચેરીટી કમીશ્નર તે મીલ્કત વેચવા સંમતી આપી શકે. ચેરીટી કમીશ્નરે વધુમાં જોવાનું રહે છે કે, વેચાણથી ટ્રસ્ટને વધુમાં વધુ ફાયદો થવો જોઈએ. તે માટે ચેરીટી કમીશ્નર ફરીથી ટેન્ડર કે ક્વોટેશન મંગાવે છે. તે વખતે ખરીદી કરવા ઇચ્છીત પાર્ટીઓને વધુ રકમની બોલી માટે વધુ તક આપે છે. જેની બોલી સૌથી વધુ હોય અને જેની શરતો ટ્રસ્ટને વધુ અનુકૂળ હોય તેની તરફેણમાં વેચાણ માટે તે મંજૂરી આપે છે. જો કોઈ બોલી બોલનારને લાગે કે ચેરીટી કમીશ્નરે અન્યાય કરેલ છે. તો ચેરીટી કમીશ્નરના ઓર્ડર સામે કોર્ટમાં દાવો દાખલ થઈ શકે છે.

ખેર, ઉક્ત ટ્રસ્ટનાં ટ્રસ્ટી સાહેબો, સાંભળ્યા પ્રમાણે, ટ્રસ્ટ માટે રૂા.૧૦૦/૨૦૦

કરોડનું ભંડોળ એકઠું કરવા માંગે છે, જેનાથી તેઓ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓ આસાનીથી કરી શકે. સદર ભંડોળ એકઠું કરવા એઓશ્રી ટ્રસ્ટના વિવિધ મકાનો વેચવા માંગે છે શરૂઆત "અનંતછાયાથી". જો કોઈ વ્યક્તિ સામાન્ય સંજોગોમાં પોતાનું રહેઠાણ વેચીને ભવિષ્યના નિભાવ માટે પ્રબંધ કરે તો આપણે એને શું કહીશું? રહેવાની જગ્યાનું વેચાણ માણસ ન છૂટકે જ કરે છે. મકાનો વેચીને ભંડોળ એકત્ર કરવાનો ટ્રસ્ટી સાહેબોનો અભિગમ સમજ બહારનો છે. શું ચેરીટી કમીશ્નર સમક્ષ સંમતી માટે એઓશ્રી વેચાણ માટે એ કારણ રજૂ કરવા માંગે છે?

લેટર્સ પેટન્ટ અપીલ નં.૯ અને ૭/૧૯૯૬માં બોમ્બે હાઈકોર્ટે ચૂકાદામાં જણાવેલ છે કે, "કલમ ૩૬ના શબ્દો ચોખ્ખું જણાવે છે. કે આ બારામાં ખૂબજ મહત્વની ફરજ ચેરીટી કમીશ્નર પર લાદવામાં આવેલ છે... તેથી એ ચોખ્ખું છે કે, મીલ્કતના વેચાણને મંજૂરી આપતાં પહેલાં ચેરીટી કમીશ્નરે બે પ્રશ્નો પરત્વે પૂરતો વિચાર કરવો જોઈએ ૧) સૂચીત વેચાણ અત્યંત જરૂરી છે અને ૨) સૂચીત વેચાણ શું યોગ્ય છે અને ટ્રસ્ટના હિતોને એ કોઈ રીતે નૂકશાન પહોંચાડે છે?"

રમાબાઈ ગોપાલ વી. રઘુનાથ વાસુદેવના કેસમાં બોમ્બે હાઈકોર્ટે ચૂકાદામાં જણાવેલ છે કે, "મીલ્કતની માલીકી ટ્રસ્ટી પાસે છે કે તે કાયદેસરનો તેનો માલીક છે. ફક્ત તેજ કારણે ટ્રસ્ટી વેચાણ કરવા તેનો હકદાર બનતો નથી."

ટ્રસ્ટનું મકાન જ્યારે સ્કીમની કલમ ૧૯(ઓ) હેઠળ બાંધવામાં આવેલ હોય ત્યારે ટ્રસ્ટ માટે નફો રળવા તે બાંધવામાં આવેલ નથી. જ્ઞાતિજનોને સસ્તા ભાડે રહેઠાણો પૂરા પાડવા એનું બાંધકામ કરવામાં આવેલ છે. એટલે સદર મકાન પૂરતો નફો આપતો નથી કે ભલે નૂકશાન પણ કરતું હોય તો પણ તે ને વેચી શકાતું નથી. ટ્રસ્ટનો ઉદ્દેશ કે હેતુ નફો કરવાનો નથી. એ મકાન વેચીને એકઠા થતાં ભંડોળમાંથી ટ્રસ્ટની અન્ય પ્રવૃતિઓ કરવામાં આવશે એ પ્રકારની મા. ટ્રસ્ટી સાહેબોની દલીલ વજૂદ વગરની છે.

ટ્રસ્ટની સ્કીમની કલમ ૧૯(ઓ) હેઠળ બાંધેલ મકાનના વેચાણ માટે ફક્ત ચેરીટી કમીશ્નર ની જ મંજૂરી જરૂર નથી. ના. કોર્ટની પણ પરવાનગી લેવી જરૂરી છે. જ્ઞાતિજનોને સસ્તા ભાડેથી આપવા માટે બંધાયેલા મકાનો વેચીને ડેવલપરને તે જમીન ઉપર ઉભેલા મકાનોને તોડીને બીજા મકાનો બાંધી જુના ભાડૂતો ઉપરાંત અન્યોને પણ જગ્યાઓ વેચાવાની ડેવલપરને સત્તા આપતો વેચાણ કરાર ટ્રસ્ટ સ્કીમના હેતુઓ અને ઉદ્દેશોમાં ફેરફાર સૂચવે છે. જે માટે બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૫૫ અનુસાર કોર્ટની પરવાનગીની જરૂરત રહે છે. સ્કીમના ઉદ્દેશમાં ફેરફાર માટે પણ કોર્ટની પરવાનગી જરૂરી છે. એટલે યેન કેન પ્રકારેણ જો સદર વેચાણ માટે ચેરીટી કમીશ્નર મંજૂરી લઈ લેવામાં સફળતા મળે તો સદર મંજૂરી ના. કોર્ટ રદબાતલ ગણશે. સ્કીમની કલમ ૧૯(ઓ) હેઠળ જ્ઞાતિજનોને સસ્તા ભાડે રહેઠાણો પૂરા પાડવા માટે જમીન ખરીદ કરવામાં આવેલ સદર હેતુ કે ઉદ્દેશને નજરઅંદાજ કરીને સદર જમીન બોમ્બે પબ્લીક ટ્રસ્ટનીની કલમ ૫૫ અનુસાર કોર્ટની મંજૂરી વગર વેંચી શકાય? નહીં જ.

પહેલાં સ્કીમની કલમ ૧૯ (ઓ)માં ફેરફાર કરવા કોર્ટને અરજી કરવી જરૂરી છે.

રતીલાલ ગાંધી વી. ચેરીટી કમીશ્નરના કેસમાં સુપ્રીમ કોર્ટે ચૂકાદામાં જણાવેલ છે કે. જ્યારે ટ્રસ્ટનો ઉદ્દેશ કે હેતુ નિષ્ફળ થાય કે તે ઉદ્દેશ પૂરેપૂરો કે તેનો કોઈ ભાગ હાંસલ કરવું અશક્ય થાય તો જ ઉદ્દેશમાં ફેરબદલ કરી શકાય, અન્યથા નહીં. ચુનીલાલ રાયચંદના કેસમાં સુપ્રીમ કોર્ટે ચૂકાદામાં જણાવેલ છે કે, ટ્રસ્ટ ફંડનો ઉપયોગ ઠરાવેલ ઉદ્દેશ માટેજ થવો જોઈએ, અન્ય રીતે નહીં.

**કેપીટલ ગેઈન્સ ટેક્ષ** : ધારો કે "અનંતછાયા"ના વેચાણની ટ્રસ્ટી સાહેબોની સમસ્ત સ્કીમ સાંગોપાંગ પાર ઉતરી ગઈ તો અનંતછાયાના વેચાણથી થયેલ નફો "કેપીટલ ગેઈન્સ ટેક્ષ" ને પાત્ર ઠરશે. અનંતછાયા માટે જમીન તથા મકાન બાંધકામ માટે થયેલ ખર્ચાઓને (ઇન્ડેક્સ કોસ્ટ) વેચાણ કિંમતમાંથી બાદ કરતાં વધેલી રકમ નફો ગણાશે અને એ કેપીટલ ગેઈન ટેક્ષને પાત્ર ઠરશે. દા.ત. જમીન અને મકાનોની કોસ્ટ રૂા.પાંચ કરોડ છે. ઇન્ડેક્ષેશન કરતાં એ કોસ્ટ ધારો કે રૂા.૧૫ કરોડ થઈ. તો રૂા.૨૫ કરોડ (રૂા.૪૦ કરોડ બાદ રૂા.૧૫ કરોડ) કેપીટલ ગેઈન્સ ટેક્ષને પાત્ર ઠરશે. જે અત્યારના રેટ પ્રમાણે ૨૦% વતા ૩% એજ્યુકેશન સેસ સાથે ૨૦.૦૬% થશે. ટ્રસ્ટ માટે એ ટેક્ષ બચાવવાનો રસ્તો એ કે વેચાણ પેટે મળેલ રકમ ટ્રસ્ટના ઉદ્દેશ માટે (ઇન્કમ ટેક્ષ કાયદાની કલમ ૧૧(૧એ) ઉપયોગમાં લેવાય એજ રહેશે. સારામાં સારો ઉપયોગ ટ્રસ્ટ સ્કીમના કલમ ૧૯(ઓ) હેઠળ જ્ઞાતિજનોને ભાડે આપવા અન્ય મકાનોના બાંધકામનો રહેશે. એટલે ઉપર પ્રમાણે જણાવ્યા અનુસાર સદર રકમ અન્ય મકાનો બાંધીને કે તૈયાર લઈને અન્ય જ્ઞાતિભાઈઓને ત્યાં વસાવી કેપીટલ ગેઈન્સ ટેક્ષની રકમ બચાવી શકાશે. આ સર્વે બાબતોનું ટ્રસ્ટી સાહેબોએ પુખ્ત આયોજન કર્યું જ હશે. ન કર્યું હોય તો તે કરવું હડાપણભર્યું ગણાશે. ટ્રસ્ટી સાહેબોએ એ ખ્યાલમાં રાખવાનું કે તેઓ એક રીલીજીયસ-કમ-ચેરીટેબલ ટ્રસ્ટનો વહીવટ કરી રહ્યા છે, નહીં કે કોઈ વેપારી કે ઓદ્યોગીક કંપનીનો.

***સંકલન : ચંદ્રસેન મોમાયા***

# વનિતા વિશ્વ : સ્ત્રીનું ગૌરવ

– વિનોબા ભાવે

એક જમાનામાં આપણે ત્યાં સ્ત્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા હતી, સ્ત્રીઓ માટે ભારે આદર-ઇજ્જત હતાં. જે રીતે પુરુષ બ્રહ્મવાદી થઈ ગયા, તે જ રીતે સ્ત્રીઓ પણ બ્રહ્મવાદિની થઈ ગઈ. સ્ત્રીઓના કેટલાંક સૂક્ત પણ વેદમાં આવે છે. તે જમાનામાં સ્ત્રીઓને વેદાભ્યાસનો અધિકાર હતો. ઋગ્વેદમાં અનેક સ્ત્રી-દેવતા છે અને અનેક સ્ત્રીઓ ઋષિ પણ છે.

**એ જમાનાની બ્રહ્મવાદિની સ્ત્રીઓ :**

આવી સ્ત્રી-ઋષિઓમાં અંભૃણી ઋષિની કન્યા વાગાંભૃણી શ્રેષ્ઠ છે. વાક્ એટલે વાણી. એ વાગાંભૃણીનું એક સૂક્ત છે, "અહં રાષ્ટ્રી સંગમની વસૂનાં"-હું છું રાષ્ટ્રદેવતા, આખા રાષ્ટ્રની વાણી, સહુના સૌજન્યનો, મંગલનો સંગમ કરનારી, એટલે કે સંગમની. "વસુ" એટલે ભલાઈ. જેટલું સૌજન્ય દુનિયાભરમાં ફેલાયેલું છે, તે મેં જ ફેલાવ્યું છે. અને પછી કહે છે, "ચિકિતુષી પ્રથમા યર્જ્ઞિયાનામ્"-હું છું વિદૂષી, હું પૂજનીય દેવોમાં પ્રથમ છું.

વેદમાં કહ્યું છે, "વસ્યાં ઈંદ્રાસિ મે પિતુઃ .... મારા ચ મે છદયથઃ સમા વસો." - હે ઈંદ્ર, તું અમારા પિતા કરતાં ચઢિયાતો છે. હે ઈશ્વર, તું અને મારી મા, બંને જ એવાં છો જે મારાં પાપોને, મારા અપરાધોને ઢાંકો છો, તમે બંને સમાન છો. તેથી જ કહ્યું છે, "ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ." આમાંયે પ્રથમ માતાનું નામ આવ્યું છે. ઉપનિષદોમાં આજ્ઞા આપી, તેમાંયે નંબર એકમાં કહ્યું, "માતૃદેવો ભવ". તેના પછી જ "પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ" કહ્યું. માતાને પહેલો દેવ માન્યો. શાસ્ત્રોમાં એમ પણ કહ્યું, "જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી" - જનની અને જન્મભૂમિ, બેઉ સ્વર્ગથીયે ચઢિયાતાં છે. આ ઉપરાંત મનુએ તો ગાયું જ છે કે માતા હજાર પિતાઓ કરતાંયે ચડિયાતી છે. એક ઋષિએ પોતાના જ્ઞાન બાબતમાં દર્શાવતાં કહ્યું, માતૃમાન્ પિતૃમાન્ આચાર્યવાન્ બ્રૂયાત્" - જેવું માતા, પિતા અને ગુરુ બતાવે છે, તેવું એ જ્ઞાન છે. અર્થાત્ પહેલું જ્ઞાન દેવોનું ગુરુત્વ માતાને જ આપ્યું.

આમ, પ્રાચીનકાળમાં આપણે ત્યાં સ્ત્રીનું ભારે ગૌરવ હતું. સ્ત્રીઓ બહુ જ જ્ઞાનવતી પણ હતી. એક પ્રસંગ છે. યાજ્ઞવલ્ક્યની સભામાં ચર્ચા ચાલી રહી હતી. ત્યાં ગાર્ગી ઊભી થઈ અને તેણે યાજ્ઞવલ્ક્યને કહ્યું, "જેમ કાશી કે વિદેહનો ક્ષત્રિય વીર બાણ મારે છે, તેમ જ હું તમને પ્રશ્નરૂપી બાણ મારું છું. તમે તમારી છાતી સામે કરો, હું મારા પ્રશ્નોથી પ્રહાર કરીશ." અને પછી તેણે બે સવાલ પૂછ્યા. યાજ્ઞવલ્ક્યે તેના જવાબ દીધા. ત્યારે ગાર્ગીએ હિંમતપૂર્વક પંડિતોને કહ્યું કે "પંડિતો, હવે યાજ્ઞવલ્ક્ય સાથે ચર્ચા ન કરો, એમને નમસ્કાર કરો, કેમ કે આ સવાલો કરતાં અઘરા સવાલ બીજા હોઈ નથી શકતા." ગાર્ગી કોઈ વીરની માફક ઊભી થઈને હિંમતપૂર્વક કહી દે છે કે, "મારાથી વધુ અઘરા સવાલ બીજું કોણ પૂછવાનું છે"" આવો વેદ અને ઉપનિષદોનો જમાનો હતો!

ઉપનિષદમાં મૈત્રેયીની વાત છે. યાજ્ઞવલ્ક્ય ઋષિને બે પત્ની હતી. છેવટની ઉંમરમાં બધું છોડીને તેઓ જંગલમાં જવા લાગ્યા અને પોતાની સંપત્તિના બે ભાગ પાડીને પોતાની બંને પત્નીને સોંપતા ગયા. ત્યારે એમની પત્ની મૈત્રેયી એમને પૂછે છે કે તમે આ બધું શું કામ છોડી રહ્યા છો? એમણે કહ્યું. હું હવે અમૃતત્વ (મોક્ષ)ની પ્રાપ્તિ માટે જઈ રહ્યો છું. મૈત્રેયીએ પૂછ્યું, શું તેને માટે આ બધું છોડવું પડે છે? યાજ્ઞવલ્ક્યે જવાબ દીધો, "અમૃતત્વસ્ય તુ ન આશા અસ્તિ વિત્તેન"-સંપત્તિથી અમૃતત્વ મળવાની કોઈ આશા નથી. આ જવાબ સાંભળી મૈત્રેયી પણ બધું છોડીને પોતાના પતિ સાથે અમૃતત્વની ખોજમાં ચાલી નીકળી.

માટે ખરું જોતાં, આવું ઊંચું ને માનભર્યું, આદરભર્યું સ્થાન સ્ત્રીને આપવામાં આવેલું. સ્ત્રીને પૂર્ણ સ્વતંત્રતા હતી. આપણે ત્યાં સ્ત્રીને "મહિલા" કહી છે. ભારતીય સંસ્કૃતિનો સર્વોત્તમ અંશ આ "મહિલા" શબ્દમાં છે. આ અદ્‌ભુત શબ્દ છે. હું પંદર-વીસ ભાષા જાણું છું. પરંતુ બીજી કોઈ ભાષામાં સ્ત્રી માટે આની બરોબરીનો શબ્દ મને નથી મળ્યો. "મહિલા" એટલે મહાન, બહુ મોટી તાકાતવાળી. આટલો ઉચ્ચ શબ્દ સ્ત્રી માટે બીજી કોઈ ભાષામાં નથી. માટે આવું ઊંચું ને આદરભર્યું સ્થાન આપણે ત્યાં તે જમાનામાં સ્ત્રીનું હતું.

મહાવીરનો ઈતિહાસ એક અદ્‌ભુત ઈતિહાસ છે. આધ્યાત્મિક અધિકારો બાબત મહાવીરે સ્ત્રી-પુરુષમાં કોઈ ભેદ ન રાખ્યો. પરિણામે એમના શિષ્યોમાં શ્રમણો કરતાં વધારે શ્રમણીઓ હતી. આ પ્રથા આજ સુધી જૈન સંપ્રદાયમાં ચાલી આવે છે.

ગાંધીજીએ તો સ્ત્રીઓની બધી શક્તિ જ ઉજાગર કરી દીધી. ગાંધીજીને કારણે અહિંસા રૂપી શસ્ત્ર સામે આવ્યું. આ શસ્ત્રનો પુરુષો જેટલો ઉપયોગ કરી શકે છે, તેના કરતાં વધારે ઉપયોગ -ીઓ કરી શકે છે. દારૂની દુકાન પર પિકેટિંગ કરવાનો સવાલ આવ્યો, તો ગાંધીજીએ કહ્યું કે સ્ત્રીઓ કરશે. લોકોને થયું કે આ શું કહે છે? જ્યાં બિલકુલ અનીતિમાન લોકો જાય છે અને જ્યાં બધી

જાતનો ખરાબ વર્તાવ ચાલે છે, એવા લોકો વચ્ચે સ્ત્રીઓ જઈને શું કરશે? પરંતુ ગાંધીજીએ કહ્યું કે જે સૌથી પતિત લોકો છે, એમની સામે આપણી પાસે જે ઊંચામાં ઊંચી નૈતિક શક્તિ છે, તે આપણે મોકલીશું. તો સ્ત્રીઓ ત્યાં ગઈ અને એમણે ત્યાં જે કામ કર્યું, તે દુનિયા આખીએ જોયું.

ગાંધીજીએ તો કેટકેટલી રીતે સ્ત્રીઓનું ઉત્થાન કર્યું! એક વખત મહર્ષિ કર્વે વર્ધા આવ્યા ગયા. તેઓ બોલ્યા કે, "ગાંધીજીએ તો જાદુ કરી દીધો. સ્ત્રીઓની ઉન્નતિ માટે ૨૫-૨૫ વરસ ભારે મહેનત કરીને અમે જે કામ નહોતા કરી શક્યા, અરે, અમે જેની કલ્પનાયે નહોતી કરી, એવી ચીજ ગાંધીજીએ કરી દીધી."

આમ, સ્ત્રીઓની ઉન્નતિ માટે ઘણી કોશિશ થઈ છે. સ્ત્રીઓની હાલતમાં ઘણો ફરક પણ પડ્યો છે. અને તેમ છતાં હજી તો ઘણું કરવાનું બાકી છે. હજીયે સ્ત્રીની જે પરવશતા છે, તે મને અત્યંત તીવ્રપણે ચુભે છે. સ્ત્રી સ્વ-નિર્ભર ક્યારે બને, કેમ બને? આ જે પરવશતા છે, સ્ત્રી ઉપર જે ઘણી બધી અક્ષમતાઓ લાદી દેવામાં આવી છે, તે બધું કાંઈ કાયદા-કાનૂનથી કે ઉપર-ઉપરના પ્રયાસથી જવાનું નથી, તેને માટે તો સ્વયં સ્ત્રીઓએ જ જબ્બર પરાક્રમો કરવાં પડશે. સ્ત્રીઓએ ઘણાં ક્ષેત્રે બગાવત કરવી પડશે. અલબત્ત, એ બગાવત સ્ત્રીઓને શોભે એવી વિનયશીલ હશે, પ્રેમ અને અહિંસાભરી હશે.

આજની પુરુષપ્રધાન સમાજ રચનામાં સ્ત્રીએ પોતાનું વિશેષ દૈવત દાખવવું પડશે. સ્ત્રીમાં સરસ્વતીની તેજસ્વિતા આવવી જોઈશે. તેને માટે આત્મજ્ઞાન જોઈએ, અધ્યાત્મનિષ્ઠ બનવું પડે. ત્યારે જ પુરુષને તેમ જ આજના પુરુષપ્રધાન સમાજને સુધારવાની શક્તિ સ્ત્રીમાં આવશે.

સ્ત્રી-દેહમાં જીવનશક્તિ ઓછી નથી. બલ્કે, કેટલાક વિજ્ઞાની તો હવે એમ કહે છે કે પુરુષ-દેહ કરતાં સ્ત્રી-દેહ વધારે મજબૂત છે. તેમાં પરફેક્ટ મિકેનિઝમ છે. સ્ત્રીએ ગર્ભનું રક્ષણ કરવાનું છે એટલે તેનો દેહ બરાબર કિલ્લા જેવો મજબૂત હોવો જ જોઈએ. સ્ત્રી-દેહ આક્રમક નહીં, ડિફેન્સિવ છે. ડિફેન્સિવ મિકેનિઝમ પાક્કું હોવું જ જોઈએ. માટે સ્ત્રીની દેહશક્તિ ઓછી નથી જ.

શિક્ષણ તો સ્ત્રીને મળવું જ જોઈએ. છોકરીને તો છોકરા કરતાં વધુ જ્ઞાન આપવાની જરૂર છે, કેમ કે એ શીખશે તો પોતાનાં બાળકોને શીખવી શકશે, સારી રીતે ઉછેરી શકશે, સમાજને સુસંસ્કારી બનાવી શકશે. માટે શિક્ષણ છોકરા-છોકરીને સાથે તેમ જ સમાનરૂપે મળવું જોઈએ. ઉપરાંત, કામમાં પણ સ્ત્રી-પુરુષના ભેદ ન હોય. અમુક કામ સ્ત્રીઓનાં અને અમુક પુરુષોનાં, એવું શું કામ? રસોઈ પણ સ્ત્રીઓનું જ કામ છે. એમ ન હોવું જોઈએ. પુરુષો પણ તેમાં પ્રવીણ બની શકે.

"સ્ત્રી" શબ્દ જ "સ્તૃ" ધાતુ પરથી બન્યો છે. "સ્તૃ"નો અર્થ થાય છે, વિસ્તાર કરવો, ફેલાવવું. માટે સ્ત્રી એટલે વિસ્તાર કરનારી, ફેલાવનારી, દુનિયા આખીમાં પ્રેમ ફેલાવનારી. "સ્ત્રી" શબ્દમાં જ સ્ત્રીનું વિશિષ્ટ કાર્ય સૂચિત થયેલું છે. પ્રેમનો વિસ્તાર, પ્રેમની વ્યાપકતા સ્ત્રી દ્વારા થશે. સ્ત્રી સમાજનું તારણ કરનારી, તારિણી-શક્તિ છે.

શાંતિની મૂર્તિ ઘડવી હોય, તો તે સ્ત્રી-મૂર્તિ જ હોઈ શકે. એવી જ રીતે આપણે ત્યાં શક્તિના રૂપમાંયે સ્ત્રી-મૂર્તિ જ માન્ય થઈ છે, પુરૂષ-મૂર્તિ નહીં. જ્યારે મહિષાસુર દેવોને અને માણસોને સતાવવા લાગ્યો, ત્યારે તેનાથી કેવી રીતે છુટાય, તે સવાલ ઊભો થયો. ત્યારે બધાએ ભેગા થઈને શક્તિમાતા પાસે જઈને પ્રાર્થના કરી કે અમને મહિષાસુરના ત્રાસમાંથી છોડાવો. ત્યારે શક્તિમાતાએ કહ્યં કે તમાર બધાની પાસે જે કાંઈ શસ્ત્રો છે., તે બધાં શસ્ત્રો મને સુપ્રત કરી દો. સહુએ તેમ કર્યું, અને ત્યારે એ શક્તિથી માતાએ મહિષાસુરનું મર્દ કર્યું. એ મહિષાસુર-મર્દિની કહેવાઈ. આમ, હિંદુસ્તાનમાં શક્તિરૂપે પણ સ્ત્રી-મૂર્તિ જ માન્ય છે.

સ્ત્રીઓની વ્યક્તિગત સાધના તો પ્રાચીનકાળથી ચાલી આવી છે. હું યે ઘણીવાર નામ લઉં છું. પાંચ સ્ત્રીઓનાં -કશ્મીરની લલ્લા, રાજસ્થાન-ગુજરાતની કાશ્મીર, મહારાષ્ટ્રની મુક્તા, કર્ણાટકની મહાદેવી અક્કા અને તમિલનાડુની આંડાલ. કશ્મીરથી લઈને તમિલનાડુ સુધીની આ પાંચ સ્ત્રીઓને હું વારંવાર યાદ કરું છું. એમણે બધીએ વ્યક્તિગત સાધના કરી. એમણે સમાજનો સામનો કરવો પડયો. સમાજે એમને ઘણી તકલીફ આપી પણ તેની સામે તેઓ ઝૂકી નહીં, પોતાની રીતે સાધના કરતી જ રહી. તેમ છતાં આ બધી એમની પોતપોતાની વ્યક્તિગત તપસ્યા હતી. વ્યક્તિગત તપસ્યા થાય છે, તો એક આરંભ થઈ જાય છે. આ વિજ્ઞાનની પદ્ધતિ છે. વિજ્ઞાનના જેટલા પ્રયોગ થયા, તે પહેલાં પ્રયોગશાળામાં થયા છે, અને પછી વ્યાપક થાય છે. તેમ પ્રાચીન કાળથી સ્ત્રીશક્તિના નિર્માણની આ બધી જે વ્યક્તિગત તપસ્યા થઈ છે, તે હવે સામૂહિક સ્તરે થવી જોઈએ, સમાજના વ્યાપક ફલક ઉપર થવી જોઈએ. આ આજના જમાનાની માંગ છે. આજનો યુગ એ અહિંસાનો યુગ છે. અહિંસા પુરુષો કરતાં સ્ત્રીઓ માટે વધારે સુલભ છે. અહિંસાનો યુગ લાવવામાં સ્ત્રીશક્તિ વિશેષ કારગર નીવડશે.

*("ભૂમિપુત્ર"માંથી સાભાર)*

# ભાવભીની શ્રધ્ધાંજલિ



**માતુશ્રી પુરબાઈ વેલજી લોડાયા**
(સાંયરા)

અરિહંતશરણ તા.૧૯-૫-૧૯૮૨

આજકાલ કરતાં આપની શીતલ છત્રછાયા અને સ્નેહાળ સંગાથ ગુમાવ્યાને
અઠ્યાવીસ વર્ષ વીતી ગયા છતાંય આપની લાગણીસભર સ્મૃતિઓ પળપળ યાદ આવે છે
અને આંખો ભિંજાય છે. આપનો દિવ્ય આત્મા શાશ્વત સુખમાં રહે
એજ પ્રભુને પ્રાર્થના સહ નત મસ્તકે શ્રધ્ધાંજલિ...

**આપની અમર સ્મૃતિમાં...**
**સ્વ. જવેરચંદ વેલજી લોડાયા પરિવાર** (રાયપુર)
**લક્ષ્મીચંદ વેલજી લોડાયા પરિવાર** (મુલુન્ડ-નાગપુર)

| | |
|---|---|
| **શ્રી લક્ષ્મીચંદ વેલજી લોડાયા** | **સૌ. દમયંતી લક્ષ્મીચંદ લોડાયા** |
| **શ્રી હરીશ જવેરચંદ લોડાયા** | **સૌ. ગીતા હરીશ લોડાયા** |
| **શ્રી નયન લક્ષ્મીચંદ લોડાયા** | **સૌ. તરલા નયન લોડાયા** |
| **શ્રી ચેતક જવેરચંદ લોડાયા** | **સૌ. કલ્પના ચેતક લોડાયા** |
| **શ્રી રોહન લક્ષ્મીચંદ લોડાયા** | **સૌ. મમતા રોહન લોડાયા** |

દીકરી-જમાઈ : **વર્ષા રાજેશ દંડ** (અંકલેશ્વર-દુબઈ)
દીકરી-જમાઈ : **ઈલા અજય સોની** (સાંયરા-જલગામ)
દીકરી-જમાઈ : **ચંદ્રીકા રાજેશ મોમાયા** (ભોપાલ-દુબઈ)
પૌત્રીઓ : **નિધિ, ધારા, મુસ્કાન, અમી, શ્રુતી, ખુશી**
પૌત્રો : **જીગર અને નીત**

**ARIHANT INDUSTRIAL CORPORATION** MUMBAI
**ROHAN L. LODAYA**
PH : 022-25622082 / 09987970001

**ARIHANT CONTROL & CABLES** NAGPUR
**NAYAN L. LODAYA**
Ph: 0712-2732088 / Mob: 09820420088

## THE ART OF LIVING

About two years back, there were news about the Queen of England taking a train to Norfolk for her annual Christmas break. The 10.45 from King's Cross, one of London's busiest railway stations, dropped her off at King's Lynn Station for a quiet winter holiday at her private Sandringham estate. Busy commuters barely noticed her come in ten minutes before the train left, with almost no visible security and walk down platform 11 where she climbed onto a first class compartment to occupy a window seat. Others there were too busy reading their newspapers to notice the Queen was sitting amongst them. The train chugged out exactly on time. Can you imagine this here? Will the President of India ever walk into a crowded railway station, catch a scheduled train, and travel with you and me sitting next to her? Unlikely. Very unlikely. Reason one and perhaps the most important: It will be considered improper, infra dig. Even the idea will be considered impertinent. How can the President of India travel like a commoner? Then will come a barrage of other excuses. What about her security? What if terrorists came to know she was travelling in a train full of people? What if she caught swine flu from the guy sitting next to her? What if her co-travellers bothered her with BO or conversation? What if Medha Patkar entered the compartment and handed over a petition? What if Naxalites attacked the train with bows and arrows?

Then there's the other question: How will her staff go along? How can they fit into one compartment, all 238 (or whatever) of them? What about her family? They cannot travel separately and how would you fit 107 of them into a train compartment already packed with her staff? If a special bogey can be built to accommodate her staff and her family, where will her security sit? The first circle of 69 must be next to her even if the remaining 110 sit in the next coach. What about the outriders? Can they keep pace with the train? Shouldn't the window be bullet proof? Do we really want to allow normal passengers on that train? Who will frisk them? Can they check in two hours earlier so that the sniffer dogs can check their baggage too?

Eventually the President will fly in an aircraft to accommodate her entourage and then, on landing, zip down the roads with a convoy of 60 cars with beacons flashing and sirens screaming to hold up traffic for hours. The system disallows our leaders from sharing proximity with you and me. This is part of our feudal tradition and democracy has not made the slightest difference. We still believe the ruler and the ruled can't share a common berth.

The truth is the Queen of England faces no fewer security risks than our President. Britain is a crucible of terror and every few weeks, young men are arrested there, plotting the most lethal terror strikes. London has, in fact, faced several attacks as well, in trains and buses. But that doesn't stop the Queen from taking a scheduled train and travelling with common people. Our President prefers to fly a Sukhoi. Since most Indians don't even know what a Sukhoi is, this only reaffirms her exalted status.

In a democracy, there's actually no exalted status. The British media's constantly questioning the Queen's household bills, the Prime Minister's expense account, the ruling party's integrity in matters of claiming reimbursements. Prince Charles is frequently lampooned as bankrupt. Princess Diana went through hell simply because she was beautiful and fear less if somewhat indiscreet. The media there is dying to embarrass the rich, powerful and famous. There are no kid gloves. People enter public life there knowing exactly what goes with it. That's why the Queen travels with ordinary people on a scheduled train, to assert her identity as one among them. She does not want to show off her status and privileges. She understands that authority cores from underplaying both.

If Indian netas want to regain their stature, if ministers want to be seen as real leaders, not exploiters of a venal political system, they

must practise the art of humility They must learn to travel like you and I. They must feel the pinch when food prices run up by 100 per cent. They must share our fears, our uncertainties when jobs disappear. They must stop seeing themselves as our masters. We make them who they are. Even when they occupy the biggest residence of any Head of State in the world with 200,000 square feet for a home, 355 extravagantly decorated rooms and the prettiest rose garden anywhere.









## મા-બાપનું હાસ્ય

જે ઘરમાં આદર છે ત્યાં આનંદ છે.
જ્યાં વડીલો પુજનીય છે ત્યાં સદાનંદ છે
જેમ વડીલોએ તમારા પાછળ પગના તળીયા ફાડી દીધા
તેમને તમે હળહળ કરી રસ્તે આણી દીધા!
બિચારા નિર્બળ, ગભરાયેલા ક્યાં જશે?
શિયાળો, ઉનાળો, ચોમાસું ઉભાં કાઢશે?
મુખ તમારૂં જોવા કેટલી બાધાઓ કરી?
મોટા થઈ અમને જાળવશો એવી મનમાં શ્રધ્ધા ધરી,
આઝાદી, આનંદતણાં બળે ગમે તેટલું કરો,
મા બાપની કાળજીની કિંમત તમે કરો.
કઠિયારો જેમ જુના વૃક્ષને કાપી એનો નાશ કરે
નહીં કરો, નહીં કરો, જીંદગીભર એમનો છાંયડો તમારૂં રક્ષણ કરે
તમ તણા બાળકોમાં સંસ્કાર એ સીંચતા રહ્યા.
ભવિષ્યની એ મુડી છે એક જ વાક્ય સમરતા રહ્યા
તમારા ઘરમાં કૂતરા, બિલાડાના ફોટા ટીંગાયા
જુના વડીલોના ફોટા એન્ટિક તરીકે ચોરબજારમાં વેંચાયા
બસ ઘણું લખાઈ ગયું, ક્ષમા કરજો,
ભુલ સુધારી, જીવન તમારૂં જરૂરથી સુધારજો
કાલે કદાચ પસ્તાવાનું વિરલ ઝરણું તમ હૃદયથી વહેશે
શાંત ચિત્તથી સાંભળશો એમાં માબાપનું હાસ્ય હશે.

***- અનિલ હીરાચંદ ધુમ-કોઈમ્બતુર***

## વરાડીયા તીર્થે ત્રિયાન્હિકા મહોત્સવ

વરાડીયા તિર્થે ત્રિયાન્હિકા મહોત્સવ તથા પર્યુષણ પર્વ પ્રસંગે પધારવા સર્વે વરાડીયાવાસીઓને **ભાવભર્યું નિમંત્રણ.**

**~ કાર્યક્રમ ~**

શ્રાવણ સુદ ૩ રવિવાર તા.૨૨-૭-૧૨ પાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા

શ્રાવણ સુદ ૪ સોમવાર તા.૨૩-૭-૧૨ અઢાર અભિષેક (ચડાવા સ્થાનિકે બોલાશે)

શ્રાવણ સુદ ૫ મંગલવાર તા.૨૪-૭-૧૨ ૧૦૯મી વર્ષગાંઠ ધ્વજારોહણ

ભાદરવા વદ ૧૩ મંગળવાર ૧૪-૮-૧૨ પર્યુષણ પર્વ પ્રારંભ થશે. તીર્થમાં ભોજનાલય તથા અતિથીગૃહની વ્યવસ્થા છે.

**-: નિમંત્રક :-**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વરાડીયા**

# MYSTIQUE OF THE WHITE SHIRT

My memories of school are all about white uniforms with black Naughty Boy shoes and a black and yellow striped tie. There were two sets of uniforms at home. I wore one while the other was washed. And when the collar frayed, my mother would turn it over so that no one knew we couldn't afford another shirt. The two sets lasted me a year. The next year, with new textbooks, came two new sets of uniforms stitched by the school tailor. White was the colour of my childhood. When my father bought me my first pair of coloured trousers in high school, it suddenly opened my eyes to the world outside. I realised my friends were better dressed than me beyond school hours. So, now came along coloured shirts. I felt bigger, older, more fashion aware--till the King arrived. With him came rock `n roll, the twist, crew crop and drainpipe trousers. A friend gave me my first pair of terry lene drainpipes which, unlike my cotton trousers, didn't crease. I wore that pair for a fortnight till my mother threatened to disown me if I did not give it for a wash. Life changed entirely after school. I did a short stint in college, picked up a nondescript job, married young, took to writing. It began with poetry. Later, I became a journalist. My work uniform was always a white shirt and jeans but when I came to Mumbai I began to experiment. I even wore clothes few would dare. Slowly some success caught up with me and even though I always remained a writer, my clothes, my life, my cars changed. So did most things around me. I may have changed less than others I knew But change I did. So did everyone around me. By the mid eighties the Age of Excess had arrived. Everything became larger than life. Bling and Bollywood came centrestage. So did the The Great Indian Wedding. Between them, they metamorphosed the way we looked and lived. Our cars began to define our manhood. Our homes became flashier. Even people like me were no more embarrassed by the price tags of what we picked up or wore. People began dressing the way they saw heroes and heroines dress on screen. Homes started resembling film sets. Children gave up choir lessons and began to learn Bollywood dancing. Gyms multiplied. So did beauty salons, skin clinics, hair studios, spas that claimed to make you look a decade younger. People went more frequently to weight loss clinics and cosmetic surgeons than to their family doctor. The local darzi went back to his village while fancy designers set up shop. Even Selfridges did a month long festival of the Indian home. Global fashion went the same way. Our own designers went bigger, larger, pricier. Barring Wendell Rodricks, who escaped to Goa, the rest fought to outdo each other. I espied (and envied) Rs.25 lakh watches on the wrists of people. At marriages, everyone wore such lavish designer wear that it was impossible to make out who were getting married. Even our movies changed. Sets, locations, costumes became everything. Story writers got paid less than a star suit. My mother owned one pair of chappals. No. one owns less than 50 today. Poor Imelda Marcos was hung for her shoe collection. Today any rich Mumbai housewife can put her collection to shame. LV by now is a middle class status symbol. The Rolex is a yawn. And no one's a Mumbaikar without a house in Alibaug or Lonavla. It's not just people. Nations are going the same way. We all know the world can't afford another America. But China's getting there too. They're building cities, highways, factories at such a frantic pace that it's really scary. We're doing the same here, maybe not at the same chilling pace but at a colossal human cost. Our climate's changing. We are being hit by tsunamis, floods, droughts. Our forests are vanishing. So is our wild life, mangroves, water resources. Our seas and

rivers are polluting. Our cities are impossible to live in. No, it's not just about over consumption. It's also about showing off, telling the world we have arrived. Or else, why will we spend billions on a wasteful space programme or hire Nilekeni to create an Orwellian world of UIDs when we can't feed our poor despite producing enough foodgrains? We waste money on nuclear technology and bullet proof vests that can't stop bullets. But we can't stop the 35% wastage of foodgrains every year which wound have easily wiped out hunger in India.

One of the lessons of the recent recession is that excess tires and extreme excess is extremely tiresome. So I, for one, have gone back to my white shirt and frayed jeans. I find it far simpler in a world where everyone's screaming, Look at me! No, it's not about austerity, it's about returning to the classic - the enduring mystique of the white shirt that even Armani celebrates.


॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥ ॥ શ્રી વાછરાદાદાય નમો નમઃ ॥

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ–મુંબઈ**

**સમુહલગ્નોત્સવ ૨૦૧૨**

સમુહલગ્નમાં જોડાનાર યુગલોના ફોર્મ **તા.૧–૬–૧૨**ના આપવામાં આવશે. વહેલો તે પહેલોના ધોરણે સ્વીકારવામાં આવશે. સમુહલગ્ન બે દિવસ મહોત્સવ **તા.8-12 / 9-12-12**ના **કચ્છ**માં રાખવામાં આવેલ છે. આ સમુહલગ્નાં જોડાવવા ઈચ્છતા જ્ઞાતિજનોએ નીચે મુજબ કાર્યકરોને સંપર્ક કરવા વિનંતિ.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ–મુંબઈ**

| | |
|---|---|
| વિરેન્દ્ર લોડાયા–મસ્જીદબંદર | 098210 73830 |
| કિરણ દંડ–મુલુંડ | 098338 08244 |
| વિરચંદ ખોના–ડોંબિવલી | 098709 89005 |
| હેમંત મોતા–લોનાવલા | 093707 10891 |
| પ્રબોધ મુનવર–ભુજ | 099251 69876 |
| ચંદ્રકાંત મુનવર–કોઠારા | 098798 17685 |
| લબ્ધી મોમાયા–ગાંધીધામ | 098253 51001 |
| અરવિંદ લોડાયા–ગાંધીધામ | 098256 34649 |
| ભદ્રીકભાઈ મૈશેરી–ભુજ | 098252 25037 |
| ગુલાબભાઈ દંડ–અમદાવાદ | 098240 97078 |
| શાંતિલાલ લોડાયા–વડોદરા | 098240 12971 |
| ચંદ્રેશ છેડા–રાયપુર | 094252 13540 |
| લક્ષ્મીચંદભાઈ દંડ–ખંડવા | 099775 50110 |
| ચેતન લોડાયા–કોચીન | 098462 68777 |
| લક્ષ્મીચંદભાઈ ખોના–હુબલી | 098440 12134 |
| લલીત લાલકા–જલગામ | 098900 40985 |


## બોધકથા : ખરૂં દાન

એક વેપારી હતો, વેપારમાં બહુ જ કુશળ.જે ધંધામાં ઝંપલાવે એમાં જબરી કમાણી કરે. એ વૃદ્ધાવસ્થાએ પહોંચ્યો ત્યારે એની પાસે અઢળક ધન એકઠું થઈ ગયું હતું.

પોતાની આ સંપત્તિનો સદુપયોગ કરવાનો એને વિચાર આવ્યો. ખુબ મનોમંથનને અંતે પોતાના ધનને સદ્કાર્યના ત્રણ માર્ગે વાળવાનો એણે નિર્ણય કર્યો...

- એક સુદંર મંદિરનું નિર્માણ, જે લોકોને પુણ્ય કમાવાનું સ્થાન બની રહે.
- બેકારોને આર્થિક સહાય, જે એમને પગભર થવા ઉપયોગી નીવડે.
- એક સદાવ્રતનો પ્રારંભ, જ્યાં ભુખ્યાને રોટલો મળે.

પુણ્ય પ્રાપ્તિની આ યોજનાનો આરંભ કરવાનું શુભ મુહૂર્ત કઢાવવા એ એક મહાત્મા પાસે ગયો. યોજનાની વિગત સાંભળીને મહાત્મા ખુશ થવાને બદલે ગંભીર બની ઊંડા વિચારમાં ડૂબી ગયા.

વેપારીએ આનું કારણ પૂછતાં મહાત્મા કહે :

“આ દેશમાં, અસંખ્ય મંદિરો છે. એમાં તું એકનો વધારો કરીશ તો એનાથી ઝાઝો ફેર નહી પડે. બેકાર-આળસુને તારી આર્થિક સહાય ઉલટાના એમને વધુ પ્રમાદી અને પરાવલંબી બનાવી દેશે. સદાવ્રત પર તારી પૂરી સંપત્તિ ખર્ચી નાખીશ તો પણ બધા ભૂખ્યાને તું ભોજન પુરૂં પાડી શકીશ નહીં.”

વેપારી કહે : “મહારાજ મને કોઈ એવો રસ્તો સુઝાડો, જેથી મારા ધનનો સદુપયોગ થાય ને પુણ્યની પણ પ્રાપ્તિ થાય.”

સંત કહે : “લોકો શિક્ષિત બની સારા-નરસાનો ભેદ સમજતાં થાય એવું **વિદ્યાલય** બંધાવ. એક **ઉદ્યોગશાળા** સ્થાપી લોકોને ઉદ્યમ દ્વારા સ્વાવલંબી બનાવવામાં તારું યોગદાન આપ. સ્વસ્થ અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે એક સાધનસંપન્ન **ચિકિત્સાલય**નો પ્રારંભ કર”.

સ્વયંસ્પષ્ટ એવી આ કથા આજના સંદર્ભમાં એટલી જ સુસંગત છે કે લોકોને પરાવલંબી અને હંમેશાં બીજા પાસે હાથ ફેલાવનારાને બદલે **સ્વાવલંબી** અને **સ્વાભિમાની** બનાવે અને એવા માર્ગે ખર્ચાયેલું ધન એટલે સાચું દાન.

***– રાજુ અંધારિયા (“ચિત્રલેખા” માંથી સાભાર)***

*(જ્ઞાતિજનો પણ સમયોચિત આ વિચારધારાને અપનાવવા સ્વયંસ્ફુરીત પહેલ કરશે એવી અપેક્ષા છે.)*

# શ્રી અરિહંત કો.ઓપ.બેંક લી.

Estd. 1984

**RTGS / NEFT SERVICE**

તાત્કાલીક પેમેન્ટ મોકલવા અને મેળવવા (RTGS/NEFT સેવા)
માટે તમારો એકાઉન્ટ નંબર બ્રાંચમાં રજીસ્ટર કરાવો.

**SMS Alerts**

તમારા એકાઉન્ટના દરેક Transactions, Balance, A/c સ્ટેટમેન્ટસ,
(છેલ્લા પાંચ transactions)ની વિગત તરત જ SMSથી તમારા મોબાઈલ પર જાણવા માટે
તમારો મોબાઈલ નંબર બ્રાંચમાં રજીસ્ટર કરાવો.

**આપની નજીકની શાખાઓ**

| | | | |
|---|---|---|---|
| ભાંડુપ<br>96194 86616 | મુલુન્ડ<br>96194 86617 | ઘાટકોપર<br>96194 86618 | ચીંચબંદર<br>96194 86619 |
| મોહિલી વિલેજ<br>96194 86620 | ડોંબિવલી<br>96194 86621 | APMC (વાશી)<br>96198 46623 | થાણા<br>98190 86624 |

*Your friendly neighbourhood Bank...*


## આહ્‌વાહન

આજનો ટેકનોલોજી યુગ ઝડપી પરિવર્તન માંગે છે
નકામા ખર્ચા રસમ રિવાજોનું હકીકતમાં વિસર્જન માંગે છે
મોટાં-મોટાં વચનોમાં હવે કોઈને વિશ્વાસ નથી રહ્યો
આપેલાં વચનોને પરિપૂર્ણ કરી બતાવવાનું પ્રમાણ માંગે છે
ઝાકમઝોળથી અંજાઈ વાહ-વાહ કરશે લોક થોડો સમય,
અણઉકેલ્યા અનેક પ્રશ્નોનો ગંભીરતાથી જવાબ માંગે છે
સાદગી અપનાવી, હાઈ-ફાઈ નિરર્થક આયોજનો છોડી,
લોકો તો સમાજ-ઉપયોગી થાય તેવી મિલ્કતોમાં રોકાણ માંગે છે
ઉચ્ચશિક્ષણ વગર આજની કે આવતી પેઢી સક્ષમ થશે નહીં.
વિદ્યાર્થીઓ અડચણ વગર ભણી શકે તેવો સુદૃઢ વારસો માંગે છે
ભરોસો ગુમાવતા પહેલાં સજાગ થઈ, જાગૃત થવું અતિ જરૂરી
ધીરજ ધરી બેઠી જનતા ક્યારેક આંદોલનનો રાહ માંગે છે
સમાજ જરૂરતમંદ કુટુંબોને મદદરૂપ થવા રહે છે તત્પર
સદ્‌ગુણી બની ઋણ ચૂકવવાનું કિંમતી આહ્‌વાહન માંગે છે.

– ***કવિતાબેન ખોના*** *(ડોંબિવલી)*


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


**આભાર....  આભાર....  આભાર....**

## દંડ પરિવારની છઠ્ઠી સચ્ચાઈમાતાની પહેડી પ્રસંગે

દંડ પરિવારની સચ્ચાઈમાતાની છઠ્ઠી સમુહ પહેડી તા.૨૯-૪-૧૨ના સવારે ૯ થી ૨માં ડોંબિવલીમાં માઉલી હોલમાં યોજાયેલ.. આ પ્રસંગમાં **શ્રી દિનેશભાઈ દંડ-ભાંડુપથી** અને શ્રી રતન ભુવા કચ્છથી પધારીને માતાજીના જુહાર કરાવેલ. તેમજ ભક્તિગીત અને રાસગરબાની રમઝટ શ્રી મનોજ કારાણી એન્ડ પાર્ટીએ જમાવેલ. પધારેલ મહેમાનોમાં ડોમ્બીવલી મંડળના પ્રમુખ **શ્રી વિરેન્દ્રભાઈ દંડ, હરીશભાઈ શિયાળ** તેમજ સર્વે મહેમાનો અને ભાવિકજનો આભાર વ્યક્ત કરીએ છીએ.

**સમસ્ત દંડ પરિવાર વતી**
**વંદના ભદ્રીચંદ દંડ**

## ગૃહઉદ્યોગ પ્રવૃતિના સંવર્ધન અને પ્રોત્સાહન માટે જ્ઞાતિજનોને એક અપીલ

આપણા જ્ઞાતિના ઘણા ભાઈ-બહેનો ગૃહઉદ્યોગની ખાદ્ય ચીજ વસ્તુઓ જેવી કે ખાખરા, થેપલા, અથાણાં, ચટણી, મસાલા, શરબત, મીઠાઈ, ફરસાણ તેમજ નાસ્તા-જમણ વગેરે બનાવે છે. અમુકતો સારી રીતે ગૃહઉદ્યોગ ચલાવી મહેનત કરી વ્યવસાય ચલાવે છે. આજની સખત મોંઘવારીમાં પરિવારને આર્થિક રીતે ઉંચે લાવવા મદદરૂપ થાય છે. કેટલાક તો બન્ને જણાં મહેનત કરી એમાંથી પરિવાર ચલાવે છે અને પ્રગતિ કરે છે.

પરંતુ આ વ્યવસાયમાં ખુબ મહેનત છે. અસહ્ય મોંઘવારીમાં સારું મુડીરોકાણ પણ થાય છે અને સતત હરીફાઈઓના કારણે કદાચ વળતર પણ માત્ર નામ પુરતું મળે. વળી જગ્યા અને સાધનોની અછત પણ હોય છે.

એવી અનેક પ્રતિકુળતાઓમાં આવા વ્યવસાયિકોને મદદરૂપ થવાની ખાસ જરૂર છે.

સામે છેડે ગૃહઉદ્યોગ કરવાવાળા, ખાદ્ય પદાર્થોની ક્વોલીટી (ઉત્તમ, સાત્વીક) જાળવવા સતત ચોકસાઈ રાખે અને તે સાથે ખાદ્ય પદાર્થોના ભાવ પણ સામાન્યતઃ બજારભાવથી થોડા ઓછા કે વ્યાજબી જ રાખે જેથી આજની હરીફાઈમાં ટકી શકાય.

વ્યાજબી કિંમત અને ઉત્તમ ક્વાલીટી હશે તો દિન પ્રતિદિન આવા લઘુઉદ્યોગ વધુ સારી રીતે વિકસાવી શકાશે અને ઘરેઘર ઉદ્યમ પ્રવૃતિ ચાલુ રાખી શકાય.

આજે દરેકના ઘરે આ પ્રકારે ખાદ્ય પદાર્થો વપરાય છે. ઘરે બનાવવા કોઈ પાસે સમય પણ નથી અને પરિવાર પુરતું બનાવવા કદાચ મોંઘુ પણ પડે. એટલે ઘરમાં દરેકનાં સમય-સુવિધા સાચવવા ખાદ્ય પદાર્થો રાખવા જરૂરી બન્યા છે. એટલે આવા પદાર્થો આપણે બહાર અન્યત્રથી ખરીદીએ છીએ તેના બદલે જ્ઞાતિજનોએ જાતમહેનતે બનાવેલ વસ્તુઓ ખરીદીને તેમને તેમનો નાનકડો વ્યવસાય વધારવામાં પ્રોત્સાહક અને મદદરૂપ બનીએ. આ પ્રકારે પણ જ્ઞાતિજનને સહાયભુત થવાની આપણી પ્રથમ ફરજ છે. વળી જ્ઞાતિનો પૈસો જ્ઞાતિમાંજ સચવાઈ રહેશે. જ્ઞાતિની ગૃહઉદ્યોગ સંસ્થાઓને પણ આપણે સૌ પ્રાથમિકતા આપી બજારમાંથી ન ખરીદતા મંડળોમાંથી કે જ્ઞાતિજનો પાસેથી ખરીદીને મદદરૂપ થવું જોઈએ.

એટલે એવી વિચાર ભાવના છે કે આવી પ્રવૃતિ કરનારા જ્ઞાતિજનો પોતાના નામ, સરનામાં, સંપર્ક નંબર સાથે જાતે બનાવતા પ્રોડક્ટની વિગત લખી મોકલે. "પ્રકાશ-સમીક્ષા" તે માહિતી સમયાંતરે યથાયોગ્ય રીતે નિઃશુલ્ક પ્રગટ કરશે. અને એ પ્રકારે વિજ્ઞાપનથી જ્ઞાતિને માહિતગાર કરશે અને ગૃહઉદ્યોગોને પ્રસિધ્ધિ આપશે. આવા ગૃહઉદ્યોગો ઉપરાંત જે કોઈ કલાકાર જ્ઞાતિજનો સિલાઈ કામ, બ્યુટી-પાર્લર, મહેંદીકામ, શણગાર-સજાવટ કે હસ્તકલાની આઇટમો બનાવતા હોય તથા નાની-મોટી બચત યોજના, નાના-મોટા ગ્રુપ માટે કેટરીંગ સેવા જેવી પ્રવૃત્તિઓ/વ્યવસાય કરતા હશે તેમની પણ વિગત યોગ્યતઃ પ્રકાશિત કરી તેમને પ્રોત્સાહન આપી જ્ઞાતિ પ્રગતિના અભિયાનમાં મદદરૂપ બની શકીએ. તો જરૂરથી આ પ્રકારે આપની વિગતો નિઃશુલ્ક જાહેરાતમાટે ટુંકમાં લખી મોકલશો.

## કાવ્ય પ્રકાશ : કેળા કેળા અચેં આંસુ?

દુખેંકે પર્યા હટાંઇયેંતા આંસુ
વિરહજી વેદના વહાઈયેંતા આંસુ
અનાથજે ડુખ મીંજા ટપકેતા આંસુ
સ્વજનજે મિલનમેં ભેટજા અચેંતા આંસુ
મૃતાત્માજી સંભારમેં રૂદનસેં વહેંતા આંસુ
પ્રેમીજે પ્યારસેં રસલાણ ડીયેંતા આંસુ
નાપાસકે હતાશજા અચેંતા આંસુ
વ્યથાજી મૂળ મીંજા વહેંતા આંસુ
ભુખજી ચિત્કારસેં ભયકાર અચેંતા આંસુ
કંગાલકે અન્ન વિગર અચેંતા આંસુ
બરબાદીજે ભૂતકાળતેં વહેંતા ખેદજા આંસુ
ઘોર અન્યાયતેં ઝરેંતા વેદજા આંસુ
લજ ગિનઘલકે નેરી અચેં ઝેરજા આંસુ
અપમાનીતકે ભર સભામેં અચેં પસ્તાવેજા આંસુ
મીળે જટાઈ વિને ત અચેં ઉધ્વેગજા આંસુ
બેકે ઠગેલા અચીંઘલકે અચેં ભનાવટજા આંસુ
પતરી છાયકે ઉપમા ડીયેતા મોરજા આંસુ
તાજમહાલમેં વહેતા શાહજહાઁજા આંસુ
ગરમીજે ઉકરાટમેં વહેતા પગરજા આંસુ
કાગરતેં ટેપકેં કલમથી રંગજા આંસુ
વરસાદજી ધાર અજાજી ખુશીજા આંસુ
ઝરતા ઝરણ અંઈ પહાડજે હરખજા આંસુ
માંકજા "મોતીબિંદુ" ઈ શિશિરજા આંસુ
અબોલ જેનાવરેંકે પણ અચેંતા વેદનાજા આંસુ
કેતરેં કેતરેં રીતે અચેંતા, **"રશ્મિન"** કેળા કેળા આંસુ?
સારે-નિરસેજો ભેદ, રખે વિગર અચેંતા આંસુ.

*- રશ્મિન ખોના (મુંબઈ)*

# ભાવભીની શ્રદ્ધાંજલિ

॥ માતૃ દેવો ભવઃ ॥

॥ પિતૃ દેવો ભવઃ ॥



ગામ

સેવક-ભડ્ડિયા



**માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ**

અરીહંતશરણ : ૩૦-૪-૨૦૦૭

**પિતાશ્રી વીરચંદ પદમશી દંડ**

અરિહંતશરણ : ૩-૬-૨૦૦૭

આંખના પલકારાની જેમ આપની વસમી વિદાયને પાંચ વરસ વીતી ગયા
છતાંય આપની દિવ્ય સ્મૃતિ પ્રસંગે પ્રસંગે યાદ આવ્યા કરે છે.
ક્યારેય પણ નહીં ભૂલાય વસમી વિદાય, હરપળે યાદ આવશે મીઠી.... મધુર સ્મૃતિ તમારી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે અને અરિહંત પ્રભુનું સાનિધ્ય મળે
એવી પ્રાર્થના સાથે આપશ્રીને સમગ્ર પરિવારની શ્રદ્ધાંજલિ...

**શ્રદ્ધાંજલિ સુમન અર્પણ**

| | |
|---|---|
| પુત્ર | : **સુરેશ, હરીશ, અશ્વિન, અરવિંદ, હિરેન** |
| પુત્રવધુ | : **ગુણવંતી, મૃદુલા, અરૂણા, ચંદ્રા, મીતા** |
| પુત્રી-જમાઈ | : **જ્યોત્સના વનરાજ દામજી માલદે** |
| પૌત્ર | : **સંજય, મયુર, મેહુલ, હીતેશ, વિશાલ, જીગ્નેશ, પ્રતિક** |
| પૌત્રવધુ | : **બરખા, ડિમ્પલ, દિપ્તી, બીના, દિપ્તી** |
| પૌત્રી | : **પ્રિતી, દિપ્તી, ભાવિની, ધરતી, ડિમ્પલ, રીટા** |
| પૌત્રી-જમાઈ | : **કપિલકુમાર, અમીતકુમાર, જીતેનકુમાર, મીતેશકુમાર, મયંકકુમાર** |
| દોહિત્ર | : **જીગ્નેશ, રોહિત** |
| દોહિત્રવધુ | : **પ્રજ્ઞા** |
| પરપૌત્ર-પૌત્રી | : **સૌમ્ય, પંક્તિ, હેતવી, રોહન, સ્મિત, દિશા** |

એવમ્

**સ્વ. શા. પદમશી ખીમજી દંડ સમસ્ત પરિવાર...**

**સ્વ. શા. નેણશી માણેકજી લોડાયા સમસ્ત પરિવાર...**

ના જય જિનેન્દ્ર...

# આપણું ચતુર્વિધ સંઘ

જૈન ધર્મની મૂળ ધારા શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ અને ત્રણ ફિરકાઓના કુલ ૧૪,૪૪૧ સાધુ-સાધ્વીજી ભગવંતો ગત વર્ષે કુલ ૩,૧૬૫ ક્ષેત્રોમાં ચાતુર્માસ રહ્યા હતા.. આ પૈકી શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘના કુલ ૮,૭૪૩ સાધુ-સાધ્વીજી ભગવંતો કુલ ૧,૭૩૬ ક્ષેત્રોમાં ચાતુર્માસ રહ્યાં. સંખ્યાની દષ્ટિએ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો કુલ સંખ્યાના ૬૧ ટકા છે, તો પણ તેઓ ૫૪ ટકા ક્ષેત્રોમાં જ ચાતુર્માસ રહ્યાં.. આ આંકડાઓ ઉપરથી ખ્યાલ આવે છે કે, શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો તેમની ક્ષમતા કરતાં ઓછાં ક્ષેત્રોમાં ચાતુર્માસ રહ્યાં હતા..

શ્વેતાંબર મુર્તિપૂજક જૈન મૂળ પરંપરાનાં ૮,૭૪૩ સાધુ-સાધ્વીજી ભગવંતો ક્યા ક્ષેત્રોમાં ચાતુર્માસ રહ્યાં., તેની વિગતોમાં ઊંડા ઉતરવામાં આવે, તો પરિસ્થિતિ વધુ અકળાવનારી બને છે. એક અંદાજ મુજબ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રમાં જ ૧૯ પૂ. આચાર્ય ભગવંતો સહિત આશરે ૨,૦૦૦ સાધુ-સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ બિરાજમાન હતા.. રાજનગર અમદાવાદમાં આશરે ૧,૫૦૦, સુરતમાં આશરે ૫૦૦, મુંબઈ શહેર અને તેનાં ઉપનગરો મળીને આશરે ૧,૦૦૦, આ રીતે કુલ ૮,૭૪૩ પૈકી આશરે ૫,૦૦૦ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોએ આ ચાર ક્ષેત્રોમાં જ ચાતુર્માસ કર્યું હતું. કુલ સંખ્યાના ૫૭ ટકા આ ચાર ક્ષેત્રો જ સંભાળી રહ્યાં.. બાકીના સમગ્ર દેશનાં હજારો ક્ષેત્રો માટે ૪૩ ટકા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો જ બાકી રહેવા પામ્યા.. આપણે ત્યાં સેંકડો સંઘો છે, જ્યાં ક્યારેય પૂ. સાધુ-સાધ્વીજીના દર્શન પણ થતાં નથી.. આ સંઘો માટે કાંઈક વ્યવસ્થા વિચારવાની તાતી આવશ્યકતા છે.

સમ્રાટ સંપ્રતિ મહારાજાના કાળમાં સમગ્ર ભારતવર્ષમાં જૈન ધર્મ પ્રસરેલો હતો.. તેનું મુખ્ય કારણ એ હતું કે, ભારતના ખૂણે ખુણે સાધુ-સાધ્વીજી ભગવંતો વિહાર કરતાં હતાં અને ધર્મલાભ આપતા હતા.. ભારત બહારના દેશોમાં પણ જૈન ધર્મનો પ્રચાર કરવા પૂજ્યોને મોકલતા પહેલા સંપ્રતિ મહારાજાએ ત્યાં વેષધારીઓને મોકલ્યા હતા., જેથી ત્યાંની પ્રજા જૈન સાધુના આચારવિચારો જાણે. ટૂંકમાં કહેવાનું એટલું કે, સંપ્રતિના કાળમાં જૈન ધર્મની પ્રભાવના કરતા હતા.. આજના કાળમાં મૂળ ધારાનો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ધર્મ મુખ્યત્વે પશ્ચિમ ભારતમાં સીમિત થઈ જવાનું કારણ એ છે કે, શ્વેતાંબર મૂર્તિપૂજક પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો પશ્ચિમ ભારતનાં મુખ્ય કેન્દ્રોને છોડીને અન્ય પ્રદેશોમાં ચાતુર્માસ કરવા ઉત્સુક નથી..

પ્રાચીન કાળમાં આપણા જૈન શાસનમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો અવગ્રહની વ્યવસ્થા અનુસાર વિહાર અને ચાતુર્માસ કરતા હતા.. આ મુજબ એક આચાર્ય ભગવંતનો સમુદાય અથવા સાધુ-સાધ્વીજી ભગવંતોની એક ટુકડી એક પ્રાંતમાં શાસન પ્રભાવના કરવાની જવાબદારી સ્વીકારી લેતી હતી અને પોતાનું લગભગ સમગ્ર જીવન ત્યાં જ વ્યતીત કરતી હતી.. આ રીતે ભારતના દરેક પ્રાંતમાં શાસન પ્રભાવનાની વ્યવસ્થા ગોઠવવામાં આવતી હતી.. તેમાં એ ખાસ જોવામાં આવતું હતું કે, કોઈ પ્રાંત સાધુ સમાગમથી વંચિત ન રહી જાય.

આજના કાળમાં જો જૈન શાસનને ભારતવ્યાપી બનાવવું હોય., તો પૂજ્ય આચાર્ય ભગવંતોએ ભેગા મળીને અવગ્રહની વ્યવસ્થા પાછી જીવંત બનાવવાની જરૂર છે. જો ૩૦ સક્ષમ આચાર્ય ભગવંતો પોતાના સંપૂર્ણ સમુદાય સાથે ભારતનાં ૩૦ રાજ્યો વહેંચી લે., તો ભારતનું એક પણ રાજ્ય શાસનના સાધુ-સાધ્વીજી ભગવંતોના સત્સંગથી વંચિત ન રહે. બાકીના આચાર્ય ભગવંતો ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના એક-એક જિલ્લાઓ પોતાના અવગ્રહમાં સમાવી લે અને ત્યાં જ ચાતુર્માસ કરવાનો નિર્ણય કરે, તો પશ્ચિમ ભારતનાં અનેક ક્ષેત્રો પણ સારી રીતે સચવાઈ જાય.. મુંબઈ, અમદાવાદ, સુરત, પાલીતાણા વગેરે ક્ષેત્રોમાં એક સમયે કેટલાં સાધુ-સાધ્વીજી ભગવંતોની આરાધના માટે આવશ્યકતા છે, તેનો આંકડો નક્કી કરીને તેના કરતાં વધુ સંખ્યામાં ચાતુર્માસ ન થાય તેવી ટોચમર્યાદા બાંધવાની પણ જરૂર છે. જો આવી કોઈ વ્યવસ્થા ગોઠવવામાં આવશે, તો ભાતરનાં તમામ રાજ્યોને અને જિલ્લાઓને પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોનો લાભ મળશે અને અપૂર્વ શાસનપ્રભાવના થશે..

આજે પણ અમુક મહાત્માઓ સ્વૈચ્છિક રીતે પોતાનો અવગ્રહ નક્કી કરીને એક જ ક્ષેત્રમાં શાસન પ્રભાવના કરી રહ્યા છે, જેનું સુંદર પરિમામ જોવા મળી રહ્યું છે. એક ઉદાહરણ આપીએ, તો સાગર સમુદાયનાં આરે ૨૭૫ પૂ. સાધ્વીજી ભગવંતો માળવા ક્ષેત્રનો અવગ્રહ બાંધીને ત્યાં અપૂર્વ શાસનપ્રભાવના કરી રહ્યા છે. આ સાધ્વીજી ભગવંતો ત્રણ-ચારના જૂથમાં ચાતુર્માસ કરીને દર વર્ષે આશરે ૭૫થી ૮૦ ક્ષેત્રોમાં ચાતુર્માસ કરે છે. માળવામાં ૧૫ થી ૨૦ ઘરનો સંઘ પણ ચાતુર્માસથી વંચિત રહેતો નથી.. વર્તમાન કાળમાં જૈન ધર્મને અનેક ક્ષેત્રોમાં ટકાવવા માટે અને વિસ્તારવા માટે આવી કોઈ વ્યવસ્થા ગોઠવવાની તાતી જરૂર છે.

નમ્ર મત પ્રમાણે એક પૂજ્ય ગચ્છાધિપતિ ભગવંત એક રાજ્ય સંભાળી લે તેવી વ્યવસ્થા થઈ શકે છે. એક સમયે પૂ.આ.શ્રી વલ્લભસૂરિજી મ.સા.. અને તેમનો સમુદાય પંજાબ રાજ્ય સંભાળતા હતા., તેવી વ્યવસ્થા આજે પણ કરી શકાય તેમ છે. જો એક ગચ્છાધિપતિશ્રી એક રાજ્ય સંભાળી લેતા હોય., તો તેમના સમુદાયના પૂજ્ય આચાર્ય ભગવંતો એક-એક જિલ્લાઓ સંભાળી શકે છે. એક ગચ્છાધિપતિશ્રી સાથે આઠથી વધુ સાધુ જણા હોવા જોઈએ.. તેવી જ રીતે એક આચાર્ય શ્રી સાથે ચારથી વધુ સાધુ ભગવંતો રાખવા ન જોઈએ.. બાકીના સાધુ-સાધ્વીજી ભગવંતોને ત્રણ-ચારના જૂથમાં ચાતુર્માસ માટે અલગ મોકલી આપવા જોઈએ.. પૂજ્ય સાધ્વીજી ભગવંતો

પણ અલગ ચાતુર્માસ કરીને વધુમાં વધુ ક્ષેત્રોમાં ધર્મારાધના કરે, તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

જૂના કાળમાં ચાતુર્માસ સિવાયના શેષકાળમાં માસ કલ્પની વ્યવસ્થા હતી, તે આજે ફરીથી જીવંત કરવાની જરૂર છે. આજે પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની મર્યાદિત સંખ્યાને કારણે જે ક્ષેત્રોને ચાતુર્માસનો લાભ નથી મળી શકતો, તેમને જો માસકલ્પના માધ્યમથી દર વર્ષે ઓછામાં ઓછા એક મહિના માટે જો ગીતાર્થ અને સંવિગ્ન ગુરૂ ભગવંતનો લાભ મળે, તો તેમની ધર્મભાવના પણ નિત્ય પ્રગતિશીલ રહી શકે. તેમાં પણ જે સાધુ ભગવંતો મુખ્યત્વે ચાતુર્માસ મોટા શહેરોમાં કરતાં હોય, તેમણે માસકલ્પ નાનાં શહેરોમાં કરવાનો આગ્રહ રાખવો જોઈએ. જે મુનિ ભગવંતો ચાતુર્માસ નાનાં શહેરોમાં કરતાં હોય, તેમણે માસકલ્પ ગામડાંઓમં કરવાનો આગ્રહ રાખવો જોઈએ. જો પૂજ્ય સાધુ ભગવંતો આ રીતે માસકલ્પ કરવાનું શરૂ કરે, તો એક વર્ષમાં તેઓ આઠથી નવ ક્ષેત્રોને ધર્મલાભ આપી શકે, આવું ત્યારે જ કરી શકાય, જ્યારે અવગ્રહની વ્યવસ્થા સ્વીકારવામાં આવે અને હાઈ-વે ઉપર કરવામાં આવતા ઉગ્ર-લાંબા વિહારો ઉપર સામાન્ય સંયોગોમાં રોક લગાવી દેવામાં આવે.

આજે લગભગ દરેક સમુદાયમાં પર્યુષણ પછી ઉપધાન તપની આરાધના ચાતુર્માસનાં ક્ષેત્રમાં જ કરાવવામાં આવે છે. આ ઉપધાન તપમાં આરાધકો મોટી સંખ્યામાં જોડાય છે. તે આનંદની વાત છે, પણ ઉપધાન તપ શહેરોમાં કરાવવાને બદલે ગામડાંઓમાં અને તેમાં પણ ખાસ કરીને પ્રાચીન તીર્થોમાં કરાવવામાં આવે, તો નિર્દોષ ભૂમિ મળે અને આરાધના માટે સાત્ત્વિક વાતાવરણ પણ મળે. આ ઉપરાંત મહોત્સવોની પત્રિકાઓ પાછળ જે લખલૂટ ખર્ચાઓ કરવામાં આવે છે, તેમાં પણ વિવેક રાખીને સાદી પત્રિકાઓનો આગ્રહ રાખવાની જરૂર છે. આ પત્રિકાઓમાં વળી તીર્થંકર પરમાત્માઓના અને પૂ. ગુરૂ ભગવંતોના ફોટાઓ છાપવાથી પુષ્કળ આશાતના થાય છે, તે પણ ભૂલવું ન જોઈએ.

ચરમ તીર્થપતિ મહાવીરસ્વામી પરમાત્માનું શાસન આ દુઃષમકાળમાં પણ જયવંતુ છે. તેમાં પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતોનો જ મુખ્ય ફાળો છે. શ્રીસંઘની આ શક્તિને વધુ સારી રીતે શાસન પ્રભાવનામાં યોજવાના શુભ હેતુથી જ આ વિનંતિ જિનશાસન વિરૂધ્ધ ક્યાં અવિવેકે લખાયું હોય તો મિચ્છામિદુક્કડં.

## અખિલ ભારતીય સમગ્ર જૈન સાધુ-સાધ્વીઓની ચાતુર્માસ યાદી-૨૦૧૧

| સંઘ-સંપ્રદાય | આચાર્ય | ચાતુર્માસ | મુનિરાજ | સાધ્વીજી | ઠાણા | % |
|---|---|---|---|---|---|---|
| શ્વેતામ્બર મૂર્તિપૂજક-સંઘ | ૨૦૩ | ૧૭૩૬ | ૧૮૮૫ | ૬૮૫૮ | ૮૭૪૩ | ૬૧% |
| શ્વેતામ્બર સ્થાનકવાસી | ૧૨ | ૯૩૩ | ૬૪૮ | ૩૦૯૦ | ૩૭૩૮ | ૨૬% |
| દિગંબર સંપ્રદાય | ૭૭ | ૩૭૦ | ૪૭૦૪ | ૫૯૧ | ૧૨૯૫ | ૯% |
| શ્વેતામ્બર તેરાપંથી | ૧ | ૧૨૬ | ૧૫૨ | ૫૧૩ | ૬૬૫ | ૪% |
| **કુલ** | **૨૯૩** | **૩૧૬૫** | **૩૩૮૯** | **૧૧૦૫૨** | **૧૪૪૪૧** | **૧૦૦%** |

## મુંબઈ-ગોવાલિયા ટેન્ક જૈનસંઘનો અનુમોદનીય-અનુકરણીય ઠરાવ અને નિર્ણય

ચાતુર્માસ દરમિયાન પર્યુષણ પર્વના પ્રવચનોમાં પૂ.પં.શ્રી ચન્દ્રજિત વિજયજી ગણિવર તથા પૂ.પ.શ્રી ઇન્દ્રજિત વિજયજી ગણિવરે અમારિપ્રવર્તના કર્તવ્ય અંગે એવી ટકોર કરી હતી કે, કેમીકલયુક્ત કાગળો પર છપાયેલી પત્રિકાઓને વિસર્જન માટે નદી કે દરિયાના પાણીમાં વહાવી દેવાથી જલજીવોની વિપુલ પ્રમાણમાં હિંસા થાય છે. એથી આજની ભાષામાં જેને "પર્યાવરણ" ગણવામાં આવે છે, એ પણ દૂષિત થાય છે. પત્રિકાઓ આદિમાં આજે આડંબરના પ્રદર્શનની ઘેલછા વધારે જોવા મળતા લગ્ન પ્રસંગોની જેમ ધાર્મિક-મહોત્સવોની પત્રિકાઓ પણ દિવસે દિવસે વધુ મોંઘીદાટ બનતી જાય છે. આજના સમયમાં મોટી મોટી કંપનીઓ પણ "ગ્રીન રીવોલ્યુશન"ના નામે પેપર મિલોને બંધ કરી રહી છે. કાગળ બનાવવા માટે જ અગણિત વૃક્ષોનો કચ્ચરઘાણ કાઢી રહી છે. માટે વૃક્ષોનો વિનાશ રોકવા દ્વારા પણ પર્યાવરણની સુરક્ષા અને પ્રદૂષણના ફેલાવાને રોકવાની તાતી જરૂર છે. આજની આ વૈશ્વિક સમસ્યા છે. તે સમયે જૈનો અને જૈનસંઘોએ નેતૃત્વ લઈને "પર્યાવરણ "ના બહાને પણ જળ-સ્થળના જીવોની રક્ષાના પ્રશ્નને પ્રાધાન્ય આપવું જ જોઈએ. સાદી પત્રિકાઓના પ્રકાશનનો નિર્ણય લઈને આ જાતનો ઠરાવ તમારા સંઘમાં થાય, તો તે ખૂબ અનુમોદનીય ગણાય, પછી અનેક સંઘોને આવું કરવાની પ્રેરણા મળે, સમગ્ર ભારતનો વિચાર કરીએ, તો મોંઘીદાટ પત્રિકાઓ પાછળ જ આજે લગભગ કરોડો રૂપિયા વપરાતા, વેડફાતા હશે, મહોત્સવ પતી જાય પછી ગમે તેવી મનોહર અને મોંઘી પત્રિકાઓનું મુલ્ય પસ્તીથી વધુ હોતું નથી.

પૂજ્યશ્રીની આ ટકોરને ગોવાલિયા ટેન્ક જૈન સંઘે સહર્ષ વધાવી લઈને જેને આ સદીનો શકવર્તી ગણી શકાય એવો નિર્ણય લેવાની જાહેરાત કરી કે, સંઘ સર્વાનુમતે એવો નિર્ણય વ્યક્ત કરે છે કે, શ્રી સંઘના નેજા હેઠળ કે શ્રી સંઘના સ્થાનોમાંજે પણ પ્રસંગ સંઘગત કે વ્યક્તિગત ઉજવાશે, તેના નમંત્રણ કે અનુમોદના માટેની પત્રિકા વધુમાં વધુ રૂ.૭૦ થી અધિક મૂલ્યવાળી નહિ જ રખાય. આ જાતનો નિર્ણય અને ઠરાવ ભારતભરના સંઘોમાં થાય એવો પણ અમે અનુરોધ કરી છીએ.

*("કલ્યાણ"માંથી સાભાર)*

## ધન્ય અમારા વીરાને...

**શ્રી ભદ્રીચંદ ભવાનજી દંડ**

(છાદુરા/નલીયા-ડોંબિવલી)

તા.૨૯-૪-૧૨ના ડોંબિવલી નગરે **શ્રી દંડ પરિવાર**ના કુળદેવી **શ્રી સચ્ચાઈ માતાજી**ની પહેડીનો લાભ અમારા લાડલા **ભદ્રીચંદભાઈ**એ લીધેલ. જેમાં પહેડીનું સ્થળ હોલ, કલાકારો તથા ભોજનની વ્યવસ્થા અતિ સુંદર હતી. પધારેલ મહેમાનોનું સ્વાગત અમારી પુત્રી **વંદના** જાતે કરતી હતી.

ધન્ય છે, ભાઈ, આવા સુકૃત કાર્યો કરતા રહો અને દંડ **પરિવાર**નું નામ રોશન કરો. એવા અમારા અંતરના આશિર્વાદ...

**❋ બહેનાના શુભાશિષ ❋**

**ચંદનબેન નલિનકાંત ભગત** (જખૌ-ડોંબિવલી)

**સરોજબેન લહેરચંદ મોતા** (સુથરી-ડોંબિવલી)

**કલ્પનાબેન જેઠાલાલ ઘરમશી** (સાંયરા-વસઈ)

## પુજારી જોઈએ છે

જોઈએ છે કચ્છ વરાડીયા તિર્થ જૈન દેરાસરજી માટે પુજારી, અનુભવીને પહેલી પસંદગી, રહેવાની સગવડ મળશે.

**-: સંપર્ક :-**

**શ્રી વરાડીયા જૈન દેરાસરજી સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ વતી ટ્રસ્ટીઓ**

**શ્રી નિરંજન કેશવજી મોમાયા-9322224815**

**પ્રતાપ મુલજી (પીર)-9820743993**

## સ્વ. શ્રી સનત શાહ સ્મૃતિ શિષ્યવૃતિ



**શ્રી ઉમંગ વિમલેશ માલદે**

(ભરૂડીયા-જામનગર)

S.S.C. 81%

સ્વ. શ્રી સનત શાહની સ્મૃતિમાં દર વર્ષે S.S.C. કે તેની સમકક્ષ પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીગૃહનાં જ્ઞાતિ છાત્રને શિષ્યવૃતિ અપાય છે. જે માટે આ વર્ષે **ચિ. ઉમંગ માલદે** S.S.C. માં ૮૧% ગુણાંક સાથે પાત્ર ઠર્યા છે. તેમને હાર્દિક અભિનંદન અને યશસ્વી ભાવિની શુભેચ્છાઓ...

॥ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ        શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ॥

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ-તેરા**

## શૈક્ષણીક સહાયતા બાબત...

**શ્રી તે.કુ.લા.ધુ. જૈન સંઘ**ના ચારેય ગામના (તેરા, કુવાપધર, લાખણીયા અને ધુફીના) વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, જેમને એસ.એસ.સી. પાસ કર્યા બાદ શૈક્ષણિક સહાયતા માટે જરૂરી ટકાવારીથી ઓછા ટકા હોવાના કારણે કોઈપણ સંસ્થા તરફથી શૈક્ષણીક સહાયતા મળતી ન હોય, તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને આગળ અભ્યાસ કરવા માટે ઈચ્છા હોય તો અમારો સંપર્ક કરે :

સંપર્ક : **શ્રી ક.દ.ઓ. જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ-તેરા**

**શ્રી નરેન્દ્ર શામજી દંડ**

૧૬, શાંતિભુવન, ૩જે માળે,

વિશ્વમહાલ હોટલની ઉપર, રેલ્વે સ્ટેશનની સામે,

મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦

કાર્યાલય : ફોન નં.:૨૫૬૪૭૫૭૨/૬૫૮૩૫૬૨૩

## ઝુકી તો જવાય જ ને

છેલ્લા એક વરસથી શ્રી એલ.યુ.શાહના માર્ગદર્શને સીનીયર સીટીજન ગ્રુપ-મુલુંડના ઉપક્રમે વડીલો માટે ઘણાં કાર્યક્રમો થયા છે. છેલ્લે અમો **કચ્છદર્શન** કરી આવ્યા. જે સ્થળો અમે જીંદગીમાં કદી જોયા કે સાંભળ્યા ન હતા એવા સ્થળોની મુલાકાત કરવા માટે શ્રી એલ. યુ. શાહના અમે ખૂબ આભારી છીએ. ખૂબજ આનંદપૂર્વક ટુરનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈથી ૩૦-૧-૧૨ના રવાના થઈ બધું ફરી જોવાલાયક સ્થળોની મુલાકાત લઈ ૬-૨-૧૨ના મુંબઈ પાછા ફર્યા.

જયપ્રિત ટુરના શ્રી જયંતીભાઈ અને શ્રીમતી પ્રેમિલાબેન દ્વારા સારી સરભરા સચવાઈ. એમણે જે સેવા સગવડ આપી અને વડીલોને પોતાના ગણી ટાઈમ સાચવતા હતા તે અનુમોદનીય છે. આ કચ્છદર્શન યાત્રા યાદગાર બની રહેશે. આશા છે કે આવા કાર્યક્રમો થતા રહે.

***- દેવકુંવર વી. મેપાણી (મુલુન્ડ)***

**ભુલસુધાર** : ગતાંકમાં **દંડ પરિવાર** - ભરૂડીયાની સચ્ચાઈમાની પહેડીની તારીખ શરતચુકથી ૨૦/૫ છપાઈ છે જે સુધારીને **તા.૨૭-૫-૧૨** વાંચવી.




## પહેડી કે પાખંડ?

દેવ વેઠા અંઇ દેશમેં ને પેડીયું થીયેં પરદેશ મેં !
વતન મેં વઠા માતાજી વલેંજી વાટ નેરીયેંતા,
ધુપ-દીપ જી સુવાસ સેં
અંઇ આદરેયા કારજ પરદેશમેં
ઇ ત ઝાંખપ આવઇ આસ્થામેં !

દેવ-દેવીઓ, પીરો-સંતોની પહેડીઓની જાણે ફેશન થઈ ગઈ છે. દેવસ્થાનો ફક્ત આસ્થાના ભુખ્યા છે. આપણે એ નિમિતે તેમને કોડીયો પ્રસાદ ચઢાવીએ છીએ બાકી એ તો ભાવના ભુખ્યા છે.

જે કાર્ય માટે ભાવના વિરાટ અને અનમોલ છે પણ વતનમાં સ્થાનકે આવવા દરેકને સમયની પાબંધી નડે છે આ કળયુગમાં !

આયોજકો, સહયોગી દાતાઓ અને લાભ લેનારા પરિવારો જરૂર ગંભીરતાની આ બાબત વિચારે. વતનમાં લગભગ ગામેગામ સુંદર મજાના યાત્રીકગૃહો, ભોજનશાળાઓ, અતિથીગૃહો આપના સહકારથી નિર્માણ પામેલ છે જે આધુનીક સુવિદ્યાથી સજ્જ છે.

ટ્રેનો-બસો અને રોડ રસ્તા આધુનીકતાથી સુસજ્જ છે. માદરે વતન હવે ૨૪ કલાક લાઈટ, ખુલ્લી હવા ઉજાસમાં છે અને નર્મદાના નિર આવ્યા છે. ૧૦ વર્ષથી રીઝેલા વરૂણદેવની કૃપાએ જલ તરંગ મચાવતા સરોવરો, તળાવો, ડેમો, સુંદર ખેતીવાડીઓથી સજ્જ વલો વતન છે.

જ્યાં એ દેવસ્થાનોની આસ્થા અને ધુપની સુગંધ અનમોલ છે. જે જરૂર માણી જોજો. અમારા ખાસ મોમાઈ માતાજીની દ્વિતીય પહેડીના હીસાબે "માઁ"એ મને કલમ કાગળ લઈ પ્રેર્યા હશે! એટલે લખું છું.

જે ધરતી ઉપર આપણા પુર્વજોના પાવનકારી પગલાં થયા. તેમના ચંપલો-બુટ ઘસાઈ ગયા એ મીઠી માટી માથે ચઢાવી ઋણ અદા કરવાનો પણ અણમોલ અવસર પ્રાપ્ત થશે. આમ જોવા જઈએ તો દરીયાપાર આવી બધી વિધિ નકામી છે વતનમાં દેવ-દેવીઓ તમારી વાટ જુએ છે.

આવો, વતન માં, કરીએ પહેડી પ્રસાદ. એકતાના વધુ બાંધી તાર, વડીલોના વિચારો સાથે સહમત થઈએ. દરેક પહેડી-પ્રસાદીમાં ફંડફાળા ચઢાવા, ઉછામણી અયોગ્ય છે.

*ગાંધીધામ : ૧૨-૫-૧૨* *- લબ્ધિ મોમાયા*

## સુંદર સોહામણું મંદિર

કલકતાથી ૪૪ કિ. મિ. દૂર કોલાઘાટ નામે એક નાનું ગામડું છે. જ્યાં દિગંબરનું દેરાસર છે. જેમાં મુળનાયક પાર્શ્વનાથ છે અને આજુ બાજુ દેરીમાં ચંદ્રાપ્રભુ છે. જે ૧૯૬૫માં ૧૭ જૂલાઈના નદી ગર્ભમાંથી મળેલા છે. તેમની વિશેષતા એ છે કે ત્રણે ટાઈમ મૂર્તિના ત્રણ અલગ અલગ સ્વરૂપ દેખાય છે. સવારના આછો ક્રીમ, બપોરે ઘેરો બદામી અને સાંજે આછો પિસ્તા કલર દેખાય છે. અમો કલકતાથી તા.૧૩-૪ના ૧૩૯ બહેનો મળીને દર્શને ગયા હતા ખૂબજ મજા આવી.. બધાએ પોત પોતાના ડાબલા ભાતું લઈ આવેલ.. જ્ઞાન ગમ્મતની રમતો રમાડવામાં આવેલ. તેમા પ્રથમ ઇનામ બીના યાશીકા, નવકારમાં ૬૮ તીર્થના નામો લખવાના હતા.. બીજી ગેમમાં બીના, રેવંતી, તરલા, પ્રભાએ ઇનામો મેળવેલ.. ઇનામ જયવંતીબેન તરફથી અપાયેલ.. ચાનો લાભ જેવંતીબેને અને ઠંડું પીણું રેવંતીબેન તરફથી હતું. સંઘપૂજન યાશીકા, દક્ષા, રેવંતી, પ્રભા અને જ્યોતિએ મળીને કર્યું. આનંદથી યાત્રા કરી કસ્તુરીબેન દેઢીયાએ સારી મહેનત કરી. બધાએ સુંદર સાથ આપ્યો હતો. ટ્રેનની ટીકીટોનું સૌજન્ય સદ્‌ગૃહસ્થ તરફથી હતું.

### ભગવાન અને ભક્ત

એક દિવસ ભક્તે ભગવાનને પૂછ્યું કે તમારા પ્રેમ અન્ને મારા પ્રેમમાં શું તફાવત છે? તો "પ્રભુ" બોલ્યા કે, તારો પ્રેમ પીંજરામાં પુરાયેલ પંખીની જેમ છે ત્યારે મારો "પ્રેમ" આકાશમાં ઉડતા પંખી જેવો છે.

### સૌથી મોટું સુખ સંતોષ

પૃથ્વી પર "દાન" જેવી કોઈ સંપતિ નથી, "લોભ" જેવો કોઈ રોગ નથી, સારા સ્વભાવ જેવી "આભુષણ" નથી અને "સંતોષ" જેવું બીજુ કોઈ સુખ નથી.

### રાધા-કિષ્ણા

રાધાએ પૂછ્યું "હું ક્યાં છું?" કાનાએ હસીને કહ્યું મારા દિલમાં, વિશ્વાસમાં ધડકનમાં! તો ફરી રાધાએ પુછ્યું કે "હું ક્યાં નથી?"

કાનાએ ભીની આંખ કરતાં કહ્યું કે **મારા નસીબ માં!**

*સં. રેવંતી રાયચંદ નાગડા (કોલકતા)*

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

### LOVE YOURSELF

You cannot truly love others if you cannot love yourself. If you cannot accept failures, you will not be able to accept the failures of others. If you cannot accept your own imperfection, you will never accept the imperfection of any one else. If you are forever demanding perfection within yourself , you will be forever demanding it of others.

If you cannot look on the dark side and own it as a part of you, you will not accept the dark side of any one else. If you cannot delight in your own talents and rejoice in your own achievements, you will not be able to truly applaud any other person. If you cannot feel good about yourself, you will be unable to feel good about other people. If you cannot value yourself, you will never be able to value others. In short if you cannot love yourself, you cannot love another person. ***- William A. Miller***

### PROVERBS ARE LAMPS TO LIFE

Quarrels end, but words once spoken never die.

To help people most, never share your riches. Help them discover their own.

Truth and love are the faces of the same coin. ***- Gandhiji***

### AMAZING FIGURES

The sun temple at Konark in Orisa is one of the most magnificent temples in India. It was built by King Narsihma Dev in the form of the sun's gigantic chariot with 12 pairs of ornamental wheels and 7 seven rearing horses for drawing the chariot. *the sun temple consisted of a sanctum with a lofty tower , more than 68 metres high, the audience hall 30.8 meters high, hall of dance besides numerous subsidiary shrines. * the sun temple majestic in its conception was built by 1200 architects in 12 years, and 12 years of revenue was spent in its construction.

### AMAZIN FACTS ABOUT HAIR

A single healthy human head carries nothing less than 1,00,00 hairs and grows at the rate of 0.35 millimetres per day.

• The strongest hair is single strand of mongoloid hair which has a breaking strain of 160 grams.

• Hair is known for its durability. Even after 3,000 years, hair on the head of the mummified body of Rameses II of Egypt shows no signs of decay.

### NINE KEYS FOR SUCCESS

Start your day with a good thought,
It leads to success.
Listen to your conscience,
It guides you in the right direction.
Listen to your parengand elders,
They are your well wishers.
Choose good friends,
They will share your problems.
Be active
It helps you be efficient.
Be disciplined,
It speaks of your culture.
Cultivate good habits and hobbies,
They give you self- confidence.
Be kind and generous,
That gives the joy and peace,
Pray to God,
He will ever take care of you..

***- Pratibha Sitharam.***

### TODAYS WORD FORMATION.

Sorry viewers due to technical printing error the whole word wheel had not been printed in the last issue so we will have to cancel that. Thanks for the innumerable response for the word previous to that. The result will be declared the next week.

This week's word is `the famous hermitage museum." Make as many smaller meaningful words from this set of words and send to Mrs Neelam Dalesh Momaya. The longest word wins a prize no proper nouns and no plurals, please.

### BY THE BYE

The most important thing in life is not to win but just to take part, just as the most important thing in life is not the triumph but the struggle. The essential thing in life is not to have conquered but to have fought well.

# ગૌમૂત્ર : આયુર્વેદની દૃષ્ટિએ સર્વોત્તમ ઔષધ

સં. વનિતા વી. ધરોડ

બંગાળી સાહિત્યમાં કહેવત છે ''जो खाय गोरूचोना तार देह होय सोना'' એનો અર્થ એવા થાય છે કે, જે વ્યક્તિ ગૌ મૂત્ર પીએ છે. તેનું શરીર સોના જેવું થાય છે. આ કહેવત ઘણી અર્થ ગંભીર છે.

ગાયની પીઠ ઉપરનાં ભાગમાં ખુંધ એટલે કે ઢેકો હોય છે. તેમાં સુવર્ણકેતુ નાડી આવેલી હોય છે. તે સૂર્યના તડકાથી જાગૃત થાય છે અને સૂર્યપ્રકાશને પોતાનાં શરીરમાં આકર્ષે છે. ગાયના શરીરમાં સુવર્ણતત્ત્વ નિર્માણ થાય છે. આ સુવર્ણતત્ત્વ ગાયના મૂત્રમાં, દૂધમાં અને છાણમાં હોય છે. તેથી તેનો રંગ પીળાશ પડતો એટલે કે સુવર્ણ રંગનો હોય છે.

આયુર્વેદશાસ્ત્રમાં સુવર્ણભસ્મ અને સુવર્ણજલનું આરોગ્યની દૃષ્ટિએ ખૂબ જ મહત્વ છે. સુવર્ણભસ્મ ખૂબ જ કીમતી ઔષધિ છે. સામાન્ય માણસને તે પોષાય તેમ નથી. તેમ જ જેની પાચનશક્તિ તેજ હોય, તે જ સુવર્ણભસ્મ પચાવી શકે. બીમાર કે નબળી વ્યક્તિઓ તેમજ વૃદ્ધો અને બાળકો તેને પચાવી શકતા નથી. જ્યારે ગૌમૂત્રમાં રહેલું સુવર્ણતત્ત્વ (સોનું) અત્યંત સૂક્ષ્મ પ્રવાહી રૂપમાં હોય છે. તેમ જ તે સુપાચ્ય હોઈ બીમાર, અશક્ત અને વૃદ્ધ તેમજ બાળકો પણ પચાવી શકે છે.

આયુર્વેદમાં શરીર ઉપર સોનાનાં આભૂષણો પહેરવા જોઈએ તેવો નિર્દેષ છે. જેથી સોનાનો સ્પર્શ શરીરે થાય, તેનાં પ્રભાવે શરીરમાં અનેક રોગો થાય નહિ અને શરીર નીરોગી રહે.

દુનિયાની બધી જ સંસ્કૃતિઓમાં સુવર્ણધાતુનું ખૂબ મહત્ત્વ છે. લાખ્ખો વર્ષોથી તેને અમૂલ્ય ગણવામાં આવ્યું છે. હિન્દુ સંસ્કૃતિમાં ભગવાનને સુવર્ણનાં અલંકારો પહેરાવવામાં આવે છે. એટલે કે સુવર્ણનો અપરંપાર મહિમા છે. આ સુવર્ણતત્ત્વ ગૌમૂત્રમાં સહેલાઈથી મળે છે. જે શરીરને નીરોગી અને દીર્ઘાયુ બક્ષે છે.

**તામ્રતત્ત્વ** : ગૌમૂત્રમાં તામ્ર તત્ત્વનું પ્રમાણ પણ ઘણું છે. સર્વ ધાતુઓમાં તામ્ર એટલે કે તાંબુ એક એવી ધાતુ છે કે જે વિદ્યુતરંગોને સહેલાઈથી આકર્ષે છે. તે શક્તિશાળી વિદ્યુતવાહક છે. ગૌમૂત્રનું પાન કરવાથી શરીરમાં તામ્ર તત્ત્વ દાખલ થાય છે. હવામાં વિદ્યુતતરંગો હોય છે. આ વિદ્યુત તરંગો શરીરને ચેતનવંતુ રાખવા માટે ખૂબ જ જરૂરી છે. શરીરમાં રહેલું તામ્રતત્ત્વ તેને સહેલાઈથી આકર્ષે છે. તેથી શરીરમાં વિદ્યુત તરંગો પ્રવેશે છે. તે શરીરમાં ચેતાતંત્રને ખૂબ જ સક્રિય રાખે છે. તેના કારણે શરીરમાં સ્ફૂર્તિ તંદુરસ્તી, ઉત્સાહ અને ઉમંગ પેદા થાય છે. તાંબાનાં લોટામાં રાખેલું પાણી પીવાથી આરોગ્યનું રક્ષણ થાય છે.

**લોહતત્ત્વ** : ગૌમૂત્રમાં અનેક ખનિજ તત્ત્વો તેમજ વિટામિનો છે. શરીરમાં તાકાત અને શક્તિ માટે લોહ (આર્યન) તત્ત્વ ખૂબ જ આવશ્યક અને અનિવાર્ય છે. ગૌમૂત્રનું સેવન કરનારાને તેમાંથી પૂરતા પ્રમાણમાં લોહતત્ત્વ (આર્યન) મળી રહે છે. તે શરીરનાં હાડકાંને મજબૂત કરે છે.

હનુમાનજીને વજ્રાંગ દેહ કહેવામાં આવે છે. તેમનો દેહ એટલે કે તેમનું શરીર વજ્ર જેવું મજબૂત હતું. તેમના શરીરમાં વજ્ર એટલે કે લોહતત્ત્વ વધારે હતું. ગૌ-મૂત્ર પાન કરનારાનું શરીર વજ્ર જેવું શક્તિશાળી અને મજબૂત બને છે. લોહતત્ત્વ શરીરમાં રક્તકણો નિર્માણ કરવાનું કાર્ય કરે છે. રક્તકણોની ઊણપથી માણસોને ઘણા રોગો થાય છે. ગૌમૂત્ર લોહતત્ત્વની ઊણપને દૂર કરી શરીરને મજબૂતી આપે છે.

**કેલ્શિયમ** : ગૌ-મૂત્રમાં કેલ્શિયમનું તત્ત્વ હોય છે. જે હાડકાનાં વિકાસ અને મજબૂત માટે ખૂબ જરૂરી અને આવશ્યક છે. ગૌ-મૂત્રનું પાન કરનારી વ્યક્તિઓને ગૌમૂત્રમાંથી કેલ્શિયમ મળી રહે છે. ખાસ કરીને બાળકોનાં શારીરિક વિકાસ માટે કેલ્શિયમ ખૂબ જ જરૂરી છે. તેની ઊણપને કારણે બેરીબેરી નામનો રોગ થાય છે. હાડકાં બરડ અને નબળાં પડી જાય છે. અને જલદી ભાંગી-તૂટી જાય છે. આવી વ્યક્તિઓને દવા સ્વરૂપે 'કેલ્શિયમ' ટોનિક આપવામાં આવે છે. ગૌ-મૂત્રનું પાન કરનારાઓને કેલ્શિયમ સહેલાઈથી પૂરતા પ્રમાણમાં મળે છે. બાળકોનાં વિકાસ માટે તે અત્યંત આવશ્યક છે. તેનાથી બાળકોની ઊંચાઈ સારા પ્રમાણમાં વધે છે. અને હાડકાં મજબૂત બને છે.

**મેંગેનીઝ** : શરીરમાં મેંગનીઝ નામનું ખનિજ તત્ત્વ ખૂબ જ ઉપયોગી છે, તે ગૌમૂત્રમાં હોવાને કારણે ગૌમૂત્રનું પાન કરનારાને તે મળી રહે છે. તે માણસને ગેંગરીંગ નામના ભયંકર રોગથી બચાવે છે. તે કીટાણુનાશક છે. તે શરીરની નર્વસ સિસ્ટમને સક્રિય એટલે કે કાર્યાન્વિત રાખે છે.

**સોલ્ટ** : મીઠું શરીર માટે અતિ આવશ્યક છે. તે શરીરને શક્તિ પૂરી પાડે છે. સ્ફૂર્તિ અને તાજગી આપે છે. તે દૂષિત નાડી, વ્રણ, વિષ રક્ત, આમ્લ રક્તને દૂર કરી શરીરને નિરોગી રાખી શરીરને તંદુરસ્ત અને ચુસ્ત રાખે છે.

ગૌમૂત્રમાં કુલ ૧૬ પ્રકારનાં મુખ્ય ખનિજ તત્વો રહેલા છે. જે શરીરનાં રક્ષણ, પોષણ અને વિકાસ માટે અત્યંત આવશ્યક છે. તેનાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. અને શરીર શક્તિશાળી અને ચેતનવંતુ બને છે.

**ચાંદી** : લેબોરેટરી એનાલીસીસ રિપોર્ટમાં ગૌમૂત્રમાં ચાંદીનું અસ્તિત્વ માલૂમ પડ્યું છે. ગૌ મૂત્રમાં રહેલી ચાંદી મનુષ્યનાં સ્વાસ્થ્યના રક્ષણ માટે મહત્વનો ભાગ ભજવે છે.

**કોસ્મિક એનર્જી** : ગૌ મૂત્ર કોસ્મિક એનર્જીનો ભંડાર છે. ગૌ માતાનાં શિંગડાનો આકાર પિરામિડ ટાઈપનો હોય છે. તે શક્તિશાળી એન્ટેના છે. અંતરિક્ષમાં લાખોની સંખ્યામાં તારાઓ, નક્ષત્રો, સૂર્યો, ચંદ્રો, ગ્રહો, ઉપગ્રહો તેમજ અસંખ્ય આકાશગંગાઓ આવેલી છે. આધુનિક વિજ્ઞાન બ્રહ્માંડનાં રહસ્યો શોધી રહ્યું છે. હજી ઘણું બધું શોધવાનું બાકી છે. આકાશમાંથી દિવસ-રાત અનેક પ્રકારની ઊર્જા એટલે શક્તિઓની અવિરત વર્ષા પૃથ્વી ઉપર થતી હોય છે. તેને કોસ્મિક એનર્જી કહેવામાં આવે છે. તેને આકર્ષવાનું કામ ગૌમાતાનાં શિંગડાઓ કરે છે. અને તેનાં દ્વારા તે બધી શક્તિઓ પોતાનાં શરીરમાં ઉતારે છે.

તે તેના ગૌમૂત્ર, દૂધ અને છાણમાં હોય છે.

આ ઉપરાંત ગૌમાતાની પીઠ ઉપર ખૂંધ હોય છે તે પણ સૂર્યપ્રકાશની ઊર્જા તેમજ ઘણાં બધા તત્ત્વો તેના શરીરમાં ગ્રહણ કરી તેનાં મૂત્ર, દૂધ અને છાણ દ્વારા આપણને આપે છે.

**લોહચૂંબકીય ટ્રીટમેંટ :** ગૌમૂત્રને વધારે અસરકારક અને શક્તિશાળી બનાવવા માટે લોહચુંબકીય પદ્ધતિથી ગૌમૂત્રને ટ્રીટમેન્ટ આપીને પ્રભાવિત કરી વાપરવામાં આવે, તો તે ત્વરિત અને અસરકારક પરિણામો આપી શકે તેમ છે. જે ગૌમૂત્રનું સેવન કરવાનું હોય, તે સાધન, વાસણ કે કાચની બાટલીઓને એક દિવસ સુધી લોહચુંબકમાં સતત સંપર્કમાં રાખ્યા પછી પીવામાં ઉપયોગ કરવો. ખૂબ જ લાભપ્રદ મનાયો છે. જે ગૌમૂત્રનો ઉપયોગ માલિશ માટે કરવાનો હોય, તે ગૌમૂત્રને લગભગ ૧૦૦ કલાક લોહચુંબકના સંપર્કમાં રાખવું જોઈએ.

**વિટામિન્સ :** ગૌ મૂત્રમાં વિટામીન એ, બી, સી, ડી અને ઈ ઓછી વધતી માત્રામાં રહેલા છે. તે માણસાના શરીર માટે અત્યંત આવશ્યક એટલે અનિવાર્ય હોય છે. તેનાથી માણસના શરીરને વિકાસ, રક્ષણ અને પોષણ મળે છે. વિટામીનોની ઊણપથી માણસોને ઘણાં બધા રોગો થાય છે. આંખોનું તેજ, હાડકાંની મજબૂતાઈ, ચેતાતંત્રની સક્રિયતા, રોગપ્રતિકારક શક્તિ, શરીરની સ્ફૂર્તિ, ચુસ્તી, તંદુરસ્તી બધા ઉપર વિટામિનોનો ઘણો બધો પ્રભાવ હોય છે. વિટામીનોની ઊણપને કારણે માણસ ઘણાં બધા પ્રકારનાં રોગનો ભોગ બને છે. ગૌમૂત્ર શરીરમાં વિટામિનોની પૂર્તિ કરી શરીરને તંદુરસ્ત એટલે કે નીરોગી રાખે છે. ઘણાં લોકો વિટામીનોની ઊણપને દૂર કરવા ગોળીઓ અથવા વિટામિનોનાં ઈન્જેકશનો લે છે, બહારથી અકુદરતી રીતે શરીરમાં દાખલ થયેલાં વિટામિનો સહેલાઈથી પચતાં નથી. ગૌમૂત્રમાં રહેલાં બધા જ વિટામિનો શરીરમાં ખૂબ જ સહેલાઈથી અને આસાનીથી પચી જાય છે. તે એકદમ સુપાચ્ય સ્વરૂપમાં હોય છે. ગાયના મોટા આંતરડામાં વિટામીન બી ઉત્પન્ન થાય છે. તે બીજા કોઈ પ્રાણીઓમાં ઉત્પન્ન થતું નથી.

**''આરોગ્ય ગીતામાંથી'' સાભાર**


**પુત્ર/પુત્રીના સગપણ માટે...**

સગાસંબંધી સ્નેહી સજ્જન, હિતેચ્છુના ડાયરામાંથી બહાર આવો અને પોતાના લાડકવાયા પુત્ર/પુત્રીના સગપણ માટે વિશાળ ફલક આપનારા **અંસાજો કચ્છની** વેવિશાળ સેવાનો લાભ લો.. આપ પણ આપના પુત્ર/પુત્રીનું નામ જરૂરથી નોંધાવશો.. જીવનની આ મહત્વની કેડી પર ડગ માંડજો અસાંજો કચ્છ ડોટ કોમ સંગ...

**સંપર્ક : દિપક કારાણી 29674007/8/9/9969674905**

**Registrar online on : www.asanjokutch.com/matrimonials**

**Weight Loss... Weight Loss...**

**V. Care Weight Loss Clinic**

માટુંગામાં અમારા કેન્દ્રમાં હીટીંગ, ઇંચ લોસ, આમ ટક, ટમી ટક, થાઈ ટક, હીપ ટક, બોડી મસાજ, વેકયુમ મસાજ અલ્ટ્રા લીયો લાઈસની ખાસીયત. એક સીટીંગમાં બે ઇંચ ઘટાડો અને ફેસ ટાઇટનીંગ કરી યુવા (Young) બનો.. એકવાર પધારી અવશ્ય મુલાકત લો.

**V. CARE SLIM & TRIM CENTRE**

૩૫૧, લીલા નિવાસ, ચંદાવરકર ક્રોસ રોડ, "પ્રમાણિક"ની પાછળ, માટુંગા (સે.રે.) મુંબઈ-૧૯. (સમય : સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી)

**સૌ. વૈશાલી ચેતન દંડ** - 09870353509

શ્રી ગોવિંદજી (મંગલભા) ખીમજી દંડ - લાલાના (પુત્રવધુ)

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**સાચી-જુની જરી મહાવીરમાં લાવો...**

સાચી જરીનાં જુનાં ઘરચોળા કસબની સાચી તેમજ ટેસ્ટેડ જરીની સાડીઓ, બોર્ડરો, પૈઠણી તેમજ કાંજીવરમ જરીની જુની સાડીઓ

જરીઆરી વર્કની સાડીઓ, ચણીયા-ચોલી સારા ભાવે વેંચાતા લઈશું. નાના પીસીસ પણ ચાલશે.

રોકડા પૈસા આપવામાં આવશે.

**મહાવીર એમ્બ્રોઈડરી**

મહાવીર કંપાઉન્ડ સ્ટેશન પાસે, માટુંગા

ફોન : 2402 5070 / 6504 6030

મો. 86522 39537

(રવિવારે બંધ)

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન**
**સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા મહાકાળી માતાજીની ભાવના શ્રી વાસુપુજ્ય જિનાલયે રવિવાર તા.૨૭-૫-૧૨ના રાત્રે ૯ કલાકે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર (માંડવી) એ લીધેલ છે. ત્યારબાદ આગામી ભાવના ૨૪-૬-૧૨ના શ્રી કુંવરજી વીરજી શાહ (ભરૂડીયા) પરિવારની છે.

### રાપરગઢ-નાનીસિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ

સંઘના ઉપક્રમે રાપરગઢવારી તીર્થે ગોડીયા પાર્શ્વનાથ જિનાલયે ૧૨૦મી સાલગિરિ નિમિત્તે ધ્વજામહોત્સવ પ્રસંગે ત્ર્યાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાશે.

આ મહામંગલકારી ધ્વજા પ્રસંગે દેશ-દેશાવળ-મુંબઈથી ૭૦૦ જેટલા ભાવિકો પધારી રહ્યા છે. દેવ-ગુરૂની અસીમ કૃપાએ અને પૂ.આચાર્યશ્રીઓના આજ્ઞાઆશિષે પૂ. મુનિ શ્રી કંચનસાગરજી મ.સા. તથા પૂ.સા.શ્રી મહાયશાશ્રીજી તથા અવસરે અન્ય સાધુ-સાધ્વીજી પણ નિશ્રા આપશે અને આ રીતે સંઘને ચતુર્વિધ સંઘનું સૌભાગ્ય પ્રાપ્ત થશે.

તા.૨૬-૫ના મુંબઈથી મહાસંઘ પણ માદરે વતન જવા પ્રસ્થાન કરશે. તા.૨૮-૫ના ૧૦૮ પાર્શ્વનાથ પુજન, સાંજે મહાઆરતી, જિનાલય શણગાર, આંગી ભક્તિભાવના, રાત્રે જૈન પ્રશ્નોતરી રહેશે.

બીજા દિવસે અઢાર અભિષેક, મહેંદી રસમ, ગામ પ્રદિક્ષણા રથયાત્રા, સાંજે ભક્તિ ભાવના રહેશે.

ત્રીજા દિવસે સતરભેદી પુજા અને ધ્વજારોહણ રહેશે. મહોત્સવના વિધિવિધાન શ્રી વિશાલભાઈ પંડિત કરાવશે. ભાવિકોએ વિવિધ ધર્મ અનુષ્ઠાનના લાભ લીધા છે અને દાતાઓએ ઉદારદિલે સાધર્મિક ભક્તિના લાભ લીધા છે. સંઘના ઉમંગ-ઉત્સાહે ગામમાં ધર્મજાગૃતિ અને વતન પ્રેમમાં અનુમોદનીય વૃધ્ધિ આવી છે અને નાનકડા ગામે સુંદર પ્રગતિનું ઉદાહરણ રચ્યું છે.

### કોચીનમાં પક્ષી સંરક્ષણ અભિયાન

શ્રી મુકેશભાઈ માણેકજી લોડાયાના જીવદયા પ્રવૃતિના સઘન પ્રયાસે જૈન ફાઉન્ડેશનના ઉપક્રમે પક્ષી સંરક્ષણ અભિયાન હેઠળ તા.૨૫-૩-૧૨ ના કોચીનની ટાગોર



લાયબ્રેરીના વાચકોને વિશ્વ ચકલી દિન (તા.૨૦ એપ્રીલ) નિમિત્તે ચકલીઓ માટે તેમને અનુરૂપ તૈયાર કરાયેલા કૃત્રિમ માળારૂપ ૮૦ માટલાનું વિતરણ કરાયું. આ નવું ઘર ચકલીઓને સુરક્ષિત અને હવા-ઉજાશવાળું વાતાવરણ આપે છે.

સતત વધતી રહેલી ગરમી, પર્યાવરણ અસંતુલન, સીમેન્ટ કોંક્રીટના વધતા જંગલોમાં નાની ચકલી જેવું પક્ષી કેમ રહી શકે? જેના કારણે ચકલીની સંખ્યા ઓછી થતી જાય છે. આ પક્ષી સંરક્ષણ પ્રવૃતિ હેઠળ ચકલીઓ માટે ઘર અને પાણીની વ્યવસ્થાના સર્વત્ર અનુમોદનીય પ્રયાસ થઈ રહ્યા છે. ગયા વર્ષે પણ આ પ્રવૃતિ કરાઈ હતી.

આ પ્રકારના કૃત્રિમ ઘર ટાગોર લાયબ્રેરીમાં પણ ડો. ગણેશ પઈના હસ્તે ઉદ્‌ઘાટન કરાવી મુકાયા છે. ફાઉન્ડેશન દ્વારા વન્ય પક્ષીઓને નિષ્ણાતો પાસેથી તેમની ભાષા-વર્તનથી સંદેશા મોકલવાની પહેલ પણ કરાઈ રહી છે. જો સફળતા મળે તો પક્ષીજગતની તકલીફો સમજી


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in
॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ
SHIKHARJI Continental MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

તેમને અનુરૂપ સુવિધા કરી શકાશે. પક્ષીઓને સંગીત પણ સંભાળવામાં આવે છે. આ પ્રવૃતિની નોંધ સમાચાર અત્રે કોચીન અને આસપાસ વર્તમાનપત્રોમાં લેવાઈ છે. ઉનાળામાં પક્ષીઓને પીવા બાલ્કની, સોસાયટી, બંગલા, ગાર્ડન, વૃક્ષો પર માટીનું ડાથરી જેવું પાત્ર મુકવાથી તેમની તરસ સહજ છીપાવી શકાય છે.

### જલ્પાબેન વિજય વિકમશી

જલ્પાબેન વિકમશી (દમણ) હાલમાં તા.૪ થી ૭ મે ૧૨ના આબુમાં બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની રાજયોગ શિક્ષણની મીડીયાપાંખ દ્વારા વિશ્વશાંતિ-બંધુત્વ ભાવના માટે યોજાયેલ માસ મીડીયાના પ્રતિનિધિરૂપે મહા સંમેલનમાં ભાગ લેવા ગયેલ. પત્રકારોને સતત તણાવયુક્ત જીવનશૈલીમાં યોગ સાધના કેટલી ઉપયોગી અને અસરકારક રહે છે તેની પ્રેરણા-માર્ગદર્શન આ શિબિરમાં અપાઈ હતી. રાજ્યોગનું પ્રશિક્ષણ અપાયું. ભારત-નેપાલના પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડીયાના પત્રકારો પધારેલ.



### જ્ઞાતિમાં IT ગ્રુપ રચવા પહેલ

જ્ઞાતિના વસતીપત્રક માટે અસરકારક અને સચોટ વૈવિધ્યસભર પરીણામ મેળવવા માટે જ્ઞાતિમાં અદ્યતન ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને તંત્રજ્ઞાનના નિષ્ણાતોનું એક ગ્રુપ રચવા જ્ઞાતિની વસતીપત્રક સમિતિએ પહેલ કરી છે.

આ ગ્રુપના સભ્યો જ્ઞાતિની વસતીપત્રક આધારીત સર્વગ્રાહી માહિતીનું સુચારુ રીતે કમ્પ્યુટરના માધ્યમે સંકલન-સમન્વય કરશે અને તેના સુંદર પરીણામો મેળવવા પ્રયત્નશીલ રહેશે.

આ ગ્રુપમાં જોડાવવા જ્ઞાતિના IT ક્ષેત્રના સભ્યોએ પોતાનો પુર્ણ પરિચય, પાત્રતા અને સંપર્કસૂત્ર વસતીપત્રક સમિતિને લખી મોકલવા અનુરોધ છે. સંપર્ક : kdovasati@gmail.com

### શ્રી દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ

દક્ષિણ ભારત એકમની ૬૯મી કાર્યકારિણી સમિતિની મીટીંગ બેંગલોરનાં કચ્છી ભવનમાં તા.૨૦ મે ૧૨નાં સવારે ૯.૩૦ કલાકે યોજાઈ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બેંગલોર

અચલગચ્છાધિપતિ પુ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીજીની આજ્ઞાથી પૂ.મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા.૬ આ વર્ષે ચાતુર્માસ માટે બેંગલોરનાં શ્રી રાજસ્થાન જૈન શ્વેતાંબર મૂર્તીપૂજક સંઘ, ૯મો મેઇન, ૩૦મો ક્રોસ, જયનગર ૪થો બ્લોક, બેંગલોર-૫૬૦૦૧૧ (ફોન ૨૬૫૪૮૪૯૨) તા.૨૭ જુન ૧૨નાં પ્રવેશ કરશે.

### શ્રી મોટીસિંધોડી પ્રગતિ મહિલા મંડળ

મહિલા મંડળ અને શ્રી નેમ યુથ ફોરમ દ્વારા રવિ. તા.૩-૬-૧૨ના પેરેડાઇઝ ફન લેન્ડ રીસોર્ટની વન ડે પીકનીકનું આયોજન કરવા આવ્યું છે. સવારના ૭ કલાકે મુલુન્ડ વાસુપૂજ્ય જૈન દેરાસર પાસેથી બસ ઉપડશે. મેમ્બર માટે વ્યક્તિ રૂા.૫૫૦/- અન્ય માટે રૂા.૬૦૦/- ચાર્જ રાખેલ છે.

સંપર્ક : જ્યોત્સનાબેન મૈશેરી-9820529555, વિશાલ શાહ-9819373828, નીતા લોડાયા-9987370762, નિરૂપમાબેન મોતા-9820902916, અનીતાબેન લોડાયા-9820113121

### ભાવીની મનીષ લોડાયા-વડાલા

મુંબઈમાં શ્રી ભૂપેન્દ્ર છેડા (રેમન વિઝન) દ્વારા આયોજીત તા.૧૧ એપ્રિલે "સદ્‌વિચારોના શતાવધાની બનો... લાખની કેડીએ પહોંચો" સ્પર્ધા જેમાં ૧૦૦ સુવિચારોનું કંઠસ્થ કરી ભાવીની મનીષ લોડાયા (વડાલા-વારાપધર) એ રૂા.૧૦ હજારનું ઇનામ જીતી એ સ્પર્ધામાં શતાવધાની બન્યા છે. હાર્દિક અભિનંદન.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વરાડીયા

વરાડીયાવાસી જ્ઞાતિજનોને શૈક્ષણિક સહાય ફંડની પંચવર્ષીય યોજનામાં નોંધાવેલ ફાળાની વચનપુર્તિ કરવા વિનંતી છે. જે વિદ્યાર્થીઓએ લોન લઈને અભ્યાસ પુર્ણ કર્યું હોય તેઓ સત્વરે લોન પરત કરે જેથી નવી અરજીઓ મંજુર કરવા સુગમતા રહે એવી અપીલ કરાઈ છે. જરૂરતમંદ ગામવાસીઓને શિક્ષણ સહાયતા અપાય છે.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

### હૈદરાબાદમાં વતન વિકાસગાથા કાર્યક્રમ

હૈદ્રાબાદમાં તા.૨૨-૪-૧૨ કચ્છીભવનમાં સામાજિક કાર્યકર શ્રી લબ્ધિ મોમાયા દ્વારા "વતનની વિકાસગાથા" વિષયે સેમીનાર યોજાયેલ.

આ સ્નેહમિલનમાં અતિથીવિશેષ તરીકે ગુજરાતી-કચ્છી સમાજના મહાનુભાવો પધારેલ.

મંચપર સર્વ શ્રી ધનજીભાઈ સાવલા, અમૃતલાલ નિશર, મહેન્દ્રભાઈ મોતા, રીધ્ધેશ જાગીરદાર, દિનેશ ગોશર, હંસકુમાર સાયલા, શ્રી લહેરચંદ લોડાયા, પ્રફુલ લોડાયા, શ્રી ડુંગરશી લાલકા તથા શ્રીમતિ સીમાબેન મોમાયા, નવલબેન ધરમશી, શ્રીમતી નવલબેન મોતા અતિથીવિશેષપદે બીરાજેલ. કાર્યક્રમનું સંચાલન આગવી શૈલીમાં રશ્મિબેન રાજેશ શાહે કર્યું. શ્રી ભલારાદાદાના ફોટાને હાર પહેરાવી, દીપ પ્રાગટ્ય કરી અતિથીઓનું સન્માન કરવામાં આવેલ. નવકાર મંત્ર પઠન બાદ શ્રી લબ્ધિ મોમાયાએ છેલ્લા ૧૦ વર્ષમાં વતને વિકાસની નવી મંઝિલો હાંસિલ કરી છે તેની ઓડીયો-વીડીયો માધ્યમે સવિસ્તર સમજ આપી વતનના વિકાસમાં દેશ-વિદેશથી કચ્છીઓ સહભાગી થાય પોતાની વડીલોપાર્જિત મીલકતોની નોંધ લઈ જાળવે. એવી અપીલ કરી. નવા વિકાસમાં ખેતી, ઔદ્યોગીક-જલ સુવ્યવસ્થા ઈન્ફ્રાટ્રક્ચર, બંદરગાહ, એક્ષપોર્ટ, ઈમ્પોર્ટ, ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે જે પરિવર્તનનો પવન ફુંકાયો છે એ તકનો લાભ લેવા અપીલ કરી હતી.

છેલ્લે સભામાં પુછાયેલા પ્રશ્નોના જવાબો અપાયા. આભાર દર્શન કરી સભા પુરી થઈ. કાર્યક્રમ બાદ ભોજન લઈ સૌ છુટા પડ્યા. આ પ્રસંગે સારી સંખ્યામાં કચ્છી પરિવારોએ હાજરી આપેલ. સંઘવતી શ્રી લબ્ધિ મોમાયાનું ઉમળકાભેર સ્વાગત સન્માન કરવામાં આવેલ.

### કવિ "તેજ"નું પુસ્તક "વનાડો"

જ્ઞાતિના કવિ "તેજ" દ્વારા રચિત કાવ્યસંગ્રહ પુસ્તક ૩૧ "વનાડો" ટુંક સમયમાં પ્રકાશિત થશે. આ પુસ્તકનું પ્રકાશન સહયોગ શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેમ્બુર)નું છે. વનાડો એ અસલ પારંપરિક વ્યવહારનો શબ્દ છે. જે વ્યવહાર હાલની પરિસ્થિતિમાં ઘટતું જાય છે. એ વ્યવહાર સાચવવું જોઈએ. આ પુસ્તકમાં કવિ શ્રી તેજને મળેલ વિવિધ માન-સન્માન એવોર્ડ-પારિતોષિકની સચિત્ર નોંધ પણ આવરી લેવાઈ છે.

કવિ "તેજ" તા.૧૧ જુલાઈના જીવન સફરના ૭૫માં (અમૃત મહોત્સવી) વર્ષમાં પ્રવેશ કરશે. માત્ર પાંચ ચોપડી ભણેલ કચ્છી માડુ પોતાની કુદરતી બક્ષિસે અને અનુભવી વિચારશીલ કલ્પનાએ અનેકવિધ રીતે હાસ્ય, મરમી અધ્યાત્મ સહિત ૩૧ જેટલા ખ્યાતનામ કાવ્ય સંગ્રહો બહાર પાડે એ સ્વયં જબરી સફળતાનું શિખર છે.

### શ્રી જૈન શ્વે. મુર્તિપૂજક સંઘ –મોટી ખાવડી

મોટી ખાવડીમાં જેઠ સુદ ૧૦ને ગુરૂવાર તા.૩૧-૫-૧૨નાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના નુતન ધ્વજારોહણ નિમિતે સતરભેદી પૂજા તથા સ્વામીવાત્સલ્ય શ્રી સંઘ તરફથી રાખેલ છે. ધ્વજાનો ચઢાવો તે દિવસે સ્થાનિકે પુજા દરમ્યાન બોલવામાં આવશે. સૌને લાભ લેવા અનુરોધ છે. સર્વે ગામવાસીઓને આ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

### શ્રી સનત શાહ સ્મરણાર્થે શિષ્યવૃતિ એનાયત

બોર્ડીંગના ભુતપુર્વ છાત્ર, પ્રકાશ સમીક્ષાના તંત્રી અને જાણીતા પત્રકાર-એડવોકેટ સ્વ. શ્રી સનતકુમાર નરપાલ શાહની સ્મૃતિમાં વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરતા SSC કે તેની સમકક્ષ પરીક્ષામાં સૌથી વધુ માર્ક મેળવી ઉતીર્ણ થતા જ્ઞાતિછાત્રને શિષ્યવૃતિ વિશેષ પુરસ્કાર અપાય છે.

આ શિષ્યવૃતિ આ વર્ષે SSC માં ૮૧% સાથે ઉત્તીર્ણ થનાર શ્રી ઉમંગ વિમલેશ માલદે (ભરૂડીયા) ને એનાયત કરાઈ છે.

### કલીકટનગરે રત્નત્રયી આરાધના મહોત્સવ

શ્રી દિપકભાઈ વેલજી નાગડા પરિવાર (તેરા) દ્વારા સ્વ.પૂ. પિતાશ્રી વેલજી શામજી, સ્વ. માતુશ્રી પ્રમીલાબેન અને સ્વ. ભાઈ શ્રી ત્રિલોકકુમારના સ્મરણાર્થે કલીકટમાં રત્નત્રયી આરાધનાનું ત્ર્યાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ તા.૧૧-૫ થી ૧૩-૫-૧૨ દરમ્યાન ઉમંગે ઉજવાયું.

પરિવાર સભ્યોની ઉચ્ચ ધર્મ આરાધનાના નુમોદનાર્થે ત્રણે દિવસ સાધર્મિક ભક્તિ સહ મહોત્સવ પ્રસંગે કલીકટ અને આસપાસના સર્વે જ્ઞાતિજનો અને આમંત્રિત સગા-સંબંધી હિતેચ્છુઓ પધાર્યા હતા.

પુ. સ્વજનોની ઉપકાર ભાવનાનું સ્મરણ કરાયું અને તેમના આત્મશ્રેયાર્થે રત્નત્રયી ભક્તિ અનુષ્ઠાન કરવામાં આવ્યું. તા.૧૧-૫ના બપોરે ૧૨.૩૯ વાગે ગૌતમસ્વામી મહાપુજન, સાંજે સાધર્મિક ભક્તિ અને રાત્રે પ્રભુજીની લાખેણી આંગી તથા ભક્તિભાવના યોજાઈ. બીજા દિવસે બપોરે ભક્તામર મહાપુજન, સાંજે સાધર્મિક ભક્તિ અને રાત્રે આંગી શણગાર તથા ભાવનાની રમઝટ જામી.

તા.૧૩-૫નાં બપોરે શ્રી પાર્શ્વ પદ્માવતી મહાપુજન, બપોરે સાધર્મિક ભક્તિ અને જિનાલયમાં ભવ્ય આંગી રચના કરાઈ.

આ પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન માટે બેંગલોરથી અશોકભાઈ શાહ તથા ભક્તિસંગીત માટે શ્રી કમલ એન્ડ પાર્ટી પધારેલ. શેઠ આણંદજી કલ્યાણજી જૈન દેરાસરે અનુષ્ઠાન થયા અને ભોજન વ્યવસ્થા જૈન મહાજનવાડીમાં ગોઠવાઈ હતી. શ્રી દીપકભાઈ પરિવાર અને તેમની બહેનોના પરિવારજનોએ સકળસંઘની સુંદર ભક્તિ કરી આરાધના મહોત્સવનો લાભ લીધેલ.

### શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

વિદ્યાર્થીસંઘની નવી વ્ય. સમિતિ માટેની ચુંટણીનો કાર્યક્રમ : ઉમેદવારીપત્ર વિતરણ તા.૨-૬-૧૨ સુધી કાર્યાલયેથી સાંજ ૭ થી ૯માં. ફોર્મ ભરી આપવાની તા.૩ થી ૭-૬-૧૨ સુધી, ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તા. ૯-૬-૧૨ અને આખરી યાદી તા.૧૦-૬-૧૨નાં કાર્યાલયે જાહેર કરાશે. જો જરૂરી બેઠકોથી વધુ ઉમેદવારીપત્ર આવેલ હશે તો ચુંટણી મતદાન તા.૧૭-૬-૧૨નાં બપોરે ૨ થી ૬ માં કરવામાં આવશે. ચુંટણી નિયામક તરીકે શ્રી ભરત શામજી છેડા (કાંજુરમાર્ગ)ની નિમણુંક કરાઈ છે. ચુંટણી સંબંધી તેમનો નિર્ણય આખરી અને સર્વમાન્ય રહેશે.

### મુંબઈ મહાજન યોજીત એપ્ટીટ્યુડ ટેસ્ટ

મુંબઈ મહાજનની શૈક્ષણિક સમિતિ દ્વારા તા.૨૨-૪-૧૨નાં એપ્ટીટ્યુડ ટેસ્ટ યોજાઈ જેમાં ૧૦૨ છાત્રોએ અરજી કરેલ અને ૮૮ જણાંએ ટેસ્ટ આપી. સવારે ૯ થી ૩ સુધીમાં ધો. ૯ થી ઉપરનાં છાત્રો માટે આ ટેસ્ટ લેવાઈ. આગળનું કાઉન્સલીંગ કરવામાં આવશે. જેની તારીખ-સમય-સ્થળ અંગે જાહેર કરાશે.

### મસ્જીદબંદરે પૂ. સમયગુણાશ્રીજી આ.ઠા.નો ચાતુર્માસ

અચલગચ્છાધિપતિ પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીજી મ.સા.ના આજ્ઞા-આશિર્વાદથી આ વર્ષે પૂ.સા.શ્રી સમયગુણાશ્રીજી મ.સા.આ.ઠા.નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. તા.૧૮-૫ના ભાંડુપ અનંતસિધ્ધિ સંકુલમાં તેમના ચાતુર્માસની જય બોલાવાઈ. પુજ્યશ્રીના માંગલિક આશિર્વચન બાદ સંઘ નવકારશી હતી.


**જોઈએ છે**

**બેંગ્લોરમાં ઘરકામ કરવા માટે બહેનની જરૂર છે. જમવા તથા રહેવાની સગવડ સાથે ઈચ્છુકોએ નીચેના નંબર પર સંપર્ક કરવો.**

**ફોન નં. બેંગલોર 092430 57173, 098205 08301**


### રાપરગઢ-નાનીસિંધોડી સખી મંડળ

સખી મંડળ આયોજિત કાર્યક્રમમાં વિરાર યાજુપાર્કની તા.૧૪-૪-૧૨ના પિકનીક રાખેલ આ કાર્યક્રમમાં સારી સંખ્યામાં સભ્યોએ હાજરી આપેલ. રાપરગઢ તીર્થે ધ્વજા મહોત્સવે જવા સખી મંડળના સભ્યો તૈયારી કરી રહ્યા છે.

**આ પણ લખી શકો છો**

*જ્ઞાતિ સમાચાર, જ્ઞાતિને સ્પર્શતી ઘટના બાબતે આપના વિચાર, મંતવ્ય, અભિપ્રાયના ચર્ચાપત્ર, જ્ઞાતિજનોને ઉપયોગી થાય તેવા ઉપયોગી લેખ, કાવ્ય કે સંકલિત માહિતી જે પ્રેરક, ઉદાહરણીય અને સૌને ઉપયોગી હોય.*

*દરેક ગામે-દરેક સંસ્થાએ પોતાની પ્રવૃતિઓ-યોજનાઓનું આયોજન અને તે કાર્ય પુરું થયેથી તેનો ટૂંકમાં મુદાસર અહેવાલ નિયમિત જરૂર મોકલો તે નિઃશુલ્ક પ્રકાશિત થશે.*

*પાસ થયાના સમાચાર/ફોટા જીવનચક્રની માહિતી, સરનામા-ફોન બદલની નોંધ વગેરે તુરંત જણાવશો.*

*એપ્રિલથી નવું વર્ષ ચાલુ થયું છે. વાર્ષિક લવાજમ રૂ .૫૦/- પ્ર.સ.ના માનદપ્રતિનિધિઓ પાસે ભરી શકો છો.*

**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ**

કાર્યાલય : ભેદા ભવન, જેઠાભાઈ લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭.

**વિદ્યાર્થીસંઘની નવી વ્ય. સમિતિ માટેની ચુંટણીનો કાર્યક્રમ**

ચુંટણી માટે ઉમેદવારીપત્ર વિતરણ તા.૨-૬-૧૨ સુધી કાર્યાલયેથી સાંજ ૭ થી ૯માં. ફોર્મ ભરી આપવાની તા.૩ થી ૭-૬-૧૨ સુધી, ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તા. ૯-૬-૧૨ અને ઉમેદવારોની આખરી યાદી તા.૧૦-૬-૧૨નાં કાર્યાલયે જાહેર થશે. જો જરૂરી બેઠકોથી વધુ ઉમેદવારીપત્ર આવેલ હશે તો ચુંટણી મતદાન **તા.૧૭-૬-૧૨નાં બપોરે ૨ થી ૬** માં કરવામાં આવશે. ચુંટણીની માટે કાર્યાલય સમય સાંજે ૭ થી ૯ દરમ્યાન રહેશે. ચુંટણી સંબંધી ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી અને સર્વમાન્ય રહેશે.

**શ્રી ભરત શામજી છેડા**
(ચુંટણી અધિકારી)

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ખુશાલ મુલજી દંડ** | રૂમ ૧ સંતોષભવન, રવિરાજ સામે, ડોનબોસ્કો પાસે જયહિંદ કોલોની, ગુપ્તે રોડ, ડોંબિવલી (વે)૪૨૧૨૦૨ |
| **રાજેશ ઝવેરચંદ છેડા** | મકાન નં.૫-૮,પ્લોટ ૫-૬,અચલગચ્છ સોસા..,સર્વે નં.૨, મહાવીરનગર, અંતરજાલ, આદિપુર(કચ્છ)370205. ફોન:09898933561 |
| **નયન એલ. લોડાયા** | ૩૦૧,શાંતિનાથ એપા..૨,હીરવી લેઆઉટ,બીગ બજાર સામે,વર્ધમાનનગર,નાગપુર-૮ફોન:09420420088 (0712) 2732088 |
| **દમયંતી હીરાચંદ લોડાયા** | ૨૦૧ સિધ્ધિવિનાયક ટાવર, ફુલે રોડ, ભોઈર જીમખાના પાસે, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨ |
| **શ્રીકાંત સી. ધરમશી** | ડ્રીમ્સ બીલ્ડીંગ ૧/ડી, ફ્લેટ ૪૦૭, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૭૮ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| ચંદ્રપાલ ચી. નાગડા-નાંદેડ | ૯૩૭૧૨૧૩૧૧૧ | ગીતા ચંદ્રપાલ નાગડા-નાંદેડ | ૯૩૨૫૬૫૪૦૪૨ |
| હેતલ ચંદ્રપાલ નાગડા-નાંદેડ | ૯૦૨૧૮૧૩૧૧૧ | તેજસ ચંદ્રપાલ નાગડા-નાંદેડ | ૯૫૯૫૯૧૩૧૧૧ |
| અપેક્ષા તેજસ નાગડા-નાંદેડ | ૭૭૫૮૭૬૪૧૭૨ | | |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦-૫-૧૨ | ડોંબિવલી | JSCD020203 | વિનીત પ્રકાશ મણીલાલ છેડા | જશાપર | ૨૬ |
| | ડોંબિવલી | KRLO120405 | ચીંતલ મહેશ જવેરચંદ લોડાયા | કોઠારા | ૨૩ |
| ૧૦-૫-૧૨ | ઘાટકોપર | SMMA040504 | હિમય લલિત દામજી મૈશેરી | નાનીસિંધોડી | ૩૧ |
| | મુલુંડ | NLKN200204 | સપના ભરત રતનશી ખોના | નલીયા | ૨૫ |
| ૧૨-૫-૧૨ | થાણા | SIKN040604 | જયંત કિશોર હીરાચંદ ખોના | સાંયરા | ૨૭ |
| | કાંજુરમાર્ગ | VRVK010304 | દિશા મહેન્દ્ર નવીનચંદ્ર વિકમશી | વરાડીયા | ૨૪ |
| ૧૫-૫-૧૨ | ડોંબિવલી | DALO040207 | રોહીત રાયચંદ લાલજી લોડાયા | દલતુંગી | ૨૮ |
| | ડોંબિવલી | SMMA010403 | ધર્મીષ્ઠા રમેશ માડણ મૈશેરી | મોટીસિંધોડી | ૨૪ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૪-૧૨ | નાંદેડ | TRNG032103 | તેજસ ચંદ્રપાલ ચિમનલાલ નાગડા | તેરા | ૨૫ |
| | નાંદેડ | SUCD010303 | અપેક્ષા વિજય વેલજી છેડા | સુથરી | ૨૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩-૪-૧૨ | કાંદીવલી | SILO131504 | તેજસ પ્રદીપ કુંવરજી લોડાયા | સાંયરા | ૨૫ |
| | સાંગલી | A | સોનલ સુંદરજી ખીમજી દેઢીયા | કોડાય | ૨૫ |

### સગપણ છુટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪-૫-૧૨ | વડોદરા | JKKN080402 | પ્રશાંત રમેશચંદ્ર માણેકજી ખોના | જખૌ | ૨૮ |
| | ચેકનાકા | LUDD020303 | ખુશ્બુ જયપ્રકાશ રતીલાલ દંડ | લુણી | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦-૫-૧૨ | ઘાટકોપર | RAVR010402 | મીના મહેન્દ્ર માણેકજી વોરા | રંગપુર | ૫૨ |
| ૧૨-૫-૧૨ | આણંદ | KDDR010701 | ઉમાબાઈ વાલજી નરશી ધ્રોળ | કોટડી | ૬૮ |
| ૧૩-૫-૧૨ | અમદાવાદ | VRDD012302 | દેવકુંવરબેન માણેકજી જેઠાભાઈ દંડ | વરાડીયા | ૮૨ |
| ૧૪-૫-૧૨ | મુંબઈ | TRLO030301 | માણેકજી કાનજી હંસરાજ લોડાયા (રતાણી) | તેરા | ૮૦ |




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



Trust Regn. No. E-2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

Mumbai Office : 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## પાંગરતી પ્રતિભા-હાર્દિક અભિનંદન !



### ચિ. પાર્શ્વ લતેશ લોડાયા
### (સાંયરા-જાલના)

ચિ. પાર્શ્વ પોદાર સ્કુલ-જાલનાના ધોરણ ૩ દરમ્યાન મહારાષ્ટ્ર ટેલેન્ટ સર્ચ (MTS) પરીક્ષામાં જાલના જિલ્લામાં તૃતિય અને મહારાષ્ટ્રમાં ૧૩મો ક્રમાંક મેળવીને પરિવાર, ગામ અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. આ યશ બદલ હાર્દિક અભિનંદન અને ભાવિમાં પણ સદા યશસ્વી રહો એવી શુભેચ્છા...

**✻ શુભાશિષ ✻**

દાદા : શ્રી લક્ષ્મીચંદ લીલાધર લોડાયા
દાદી : સ્વ. દમયંતીબેન લક્ષ્મીચંદ લોડાયા
માતા-પિતા : સૌ. રાની લતેશ લોડાયા
નાના-નાની : સૌ. ભાવનાબેન રજનીકાંત નાગડા
ફઈ-ફુઆ : સૌ. દિપા મનોજ ધરમશી
બહેનો : ચિ. રવિના તથા કરીના

## મૈશેરી પરિવાર અને પીર પરિવારનું ગૌરવ



### કુ. ભાવિની જીતેન્દ્ર મૈશેરી (બાંઢીયા-મહબુબનગર)
### ધો.૧૨ (HSC)માં ૯૮.૬૦% ગુણાંક MPC IInd Year

અમારી વહાલસોઈ દિકરી ચિ. ભાવિનીએ ધો.૧૨ની બોર્ડની પરીક્ષામાં કુલ ૧૦૦૦માંથી ૯૮૬ માર્ક મેળવી સમગ્ર જિલ્લામાં પહેલે ક્રમાંકે, આંધ્રપ્રદેશમાં નવમા ક્રમાંકે અને હૈદરાબાદ સીટીમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ છે. મહબુબનગર જિલ્લાના ૩૦ વર્ષના ઈતિહાસમાં આવા શ્રેષ્ઠ ગુણાંક મેળવનાર તે પ્રથમ છે. આ પ્રકારે શૈક્ષણિક કારકીર્દીમાં એક ઈતિહાસ રચાયો છે. આવી જ્વલંત સિદ્ધિ પ્રાપ્ત કરી કુટુંબનું, ગામનું તથા સમગ્ર જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. હાર્દિક અભિનંદન.

**✻ ગૌરવાન્વિત ✻**

દાદા-દાદી : માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મૈશેરી (બાંઢિયા)
માતા-પિતા : શ્રીમતિ વિપુલા જીતેન્દ્ર મૈશેરી
ભાઈ-બહેન : ધારિણી, સંદીપ અને મીત
નાના-નાની : મણીબેન નવીનચંદ પીર (સુથરી-અંજાર)
મામા-મામી : સૌ. રીના કિર્તીકુમાર લોડાયા
માસા-માસી : સૌ. પ્રિતી નરેશકુમાર શાહ (નખત્રાણા)
દિપ્સી, પ્રિન્સ, અર્હમ્, ઋત્વી, જુગલ

એવમ્ સમસ્ત મૈશેરી પરિવાર તથા પીર પરિવાર અને સર્વે સગાં, સ્નેહીઓ, મિત્રગણના હાર્દિક અભિનંદન.


## આપણાંજ વતનમાં ફાયદાકારક રોકાણની ઉત્તમ તક...




એકતા નગર . ૧, તથા એકતા રૂબી ની ભવ્ય સફળતા બાદ
**એકતા ગેલેક્સી** નું બુકીંગ ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે

બનાવો આપનાં સ્વપ્નાનું ઘર સાકાર...
નાની મુડીમાં હપ્તાવાર પેમેન્ટથી
નલિયા-તેરા રોડ ઉપર ઉચ્ચ વળતરના પ્લોટો...

EKTA
LAND DEVELOPERS

જવાહર રોડ, હોટલ દિશા પાસે,
નલીયા (કચ્છ)
ફોન નં.(૦૨૮૩૧) ૨૨૨૧૯૧

એજન્ટ મિત્રો આવકાર્ય

: સંપર્ક :
જુગલ માણેકજી નાગડા - અંજાર : 09978002772
હેમંત ગુલાબચંદ મોમાયા - મુલુન્ડ : 09819018143
કિરણ લખમશી મોતા - નલિયા : 09925991118

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

5 Star Catering

અનંતસિધ્ધી, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (પ), મુંબઈ-૪૦૦૦૭૮.







## દશાઓની નવી દિશા... શુભારંભની સોનેરી ક્ષણો...

### 5 Star Caterersની પ્રસંગ દિપાવે તેવી રજવાડી કેટરીંગ સર્વિસનું સફળ પ્રસ્થાન...

★ તા.૫-૨-૧૨ના મુંબઈ મહાજન પ્રમુખશ્રી નયનભાઈ ભેદા તથા આમંત્રિત મહેમાનોના હસ્તે 5 Star કેટરીંગ સર્વિસનું વિધિસર ઉદ્‌ઘાટન કરેલ જેમાં પ્રથમ જમણવારમાં ૯૧૮ જણનું જોરદાર ડીનર કરાવેલ.

★ વરંડી ગામના સચ્ચાઈમાં અને ભલારા પહેડીના પ્રસંગમાં ૧૩૧ જણનું જમણવાર.

★ પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીજી મ.સા.ની પધરામણી પ્રસંગે ભાંડુપમાં ૭૦૯ જણનું જમણવાર.

★ મુલુન્ડમાં એક વાસ્તુપુજાના કાર્યક્રમમાં ૧૩૫ જણનું ડિનર.

★ મહાવીરજયંતીના ૩૩૦૦ જણાએ સાધર્મિક ભક્તિમાં લાભ લીધેલ.

★ મુલુન્ડ સર્વોદય સંગીતા એન્કલેવ સોસાયટીમાં ૧૭૫ જણની નવકારશી તથા જમણવાર.

★ શ્રી શાંતિજિન જૈન જાગૃતી ગ્રુપ યોજીત લાલછતા પીરની પહેડીના ૬૩૦ જણનું જમણવાર.

★ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ યોજીત વાછરાદાદાની પહેડીમાં ૧૦૦૦ જણનું ડીનરનું જમણવાર.

★ મુંબઈ મહાજન યોજીત એપ્ટીટયુડ ટેસ્ટ-મુલુન્ડમાં ૧૦૦ જણનું જમણવાર.

★ શ્રીમંત પ્રસંગે ભાંડુપમાં ૨૫૦ જણનું જમણવાર.

★ મુંબઈના શ્રી ગોડીજી પાર્શ્વનાથ દ્વિશતાબ્દીનિમિતે તા.૧-૫-૧૨ના સમસ્ત જૈન સંઘ ભાંડુપમાં ૫૦૦૦ જણનું સંઘજમણ.

★ વાસ્તુપુજામાં ૧૫૦ જણ મુલુન્ડ તાંબેનગરમાં જમણવાર.

ફક્ત ત્રણ જ મહિનામાં ૧૦૦ થી ૫૦૦૦ જણાંનુ જમણવાર નાનકડીપણ ફરીયાદવિના સફળતાપુર્વક પુર્ણ કરેલ છે તે બદલ અમો ઉપરોક્ત જમણવારના ઓર્ડર આપનાર સર્વે યજમાનો, સંસ્થાઓ, જ્ઞાતિજનોના ખુબજ આભારી છીએ. આપ સહુના આવોજ સાથ સહકાર હંમેશા અમને મળતો રહે એવી જ અપેક્ષા... અમારી ટીમના આ પ્રયાસમાં સાથ આપનાર સર્વે શુભેચ્છકો, ગ્રાહકમિત્રો અને જ્ઞાતિજનોના આભારી છીએ. મુંબઈ મહાજનની ટીમ, ભાંડુપ સંઘ અને માર્ગદર્શકો અને મિત્રો **સર્વશ્રી નયનભાઈ ભેદા, પ્રવીણભાઈ લોડાયા, ચેતનભાઈ મોતા, કુમારભાઈ દંડ, જયેશભાઈ જૈન, ગોવિંદજીભાઈ પટેલ, હંસકુમારભાઈ મૈશેરી** વગેરે સર્વે હિતચિંતકોના આભારી છીએ...

**5 Star Caterersનો રજવાડી સ્વાદ... જે રહી જાય હંમેશા સૌને યાદ...**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**